'હું વ્યાયામ દ્વારા શારીરિક બળ ઉત્પન્ન કરવા માંડું છું અને એ બળને મનમાં રાખી અહિંસાની દલિલો કેવી રીતે વધારી શકાય તે હું અને બીજાને શીખવવા માંડું છું અને બીજાઓને શીખવવા માંડું છું..... આપણા દેશમાં એક સુબદ્ધારી શક્તિ ઉત્પન્ન થઈ છે. એ શક્તિને અહિંસાના માર્ગ ઉપર લાવવા માટે મહાત્માજી છેલ્લાં ૨૦ વરસથી પ્રયત્ન કરી રહ્યા છે. તેમાં હજુ અનેક મુશ્કેલીઓ પડે છે તેનો અનુભવ દરેક જણ કરી શકે... એ જ પ્રમાણે નવયુવાનોમાં શારીરિક બળ ઉત્પન્ન કરવાનો પ્રયત્ન પણ ૨૦ વર્ષથી આવે છે. તેમાં પણ કામ થયું છે, પણ મને તેનાથી સંતોષ નથી. હું જેટલી અને જે અનેક શક્તિ પેદા કરવા માંગું છું તેટલી અને તે અનેક શક્તિ હજુ સુધી ઉત્પન્ન થઈ શકી નથી. જે કાર્ય આજે છે તેને હું બધારે જેમ આપી તેથી ઉત્પન્ન થયેલ શક્તિના સ્વરૂપમાં પરિવર્તન કરવા માંગું છું. મારો એ પ્રયત્ન રહેશે કે એ રીતે પેદા થયેલી શક્તિ કાયમ રાખી અહિંસાના માર્ગ ઉપર અવલંબિત્વે પ્રકટ કરવી..... મહાત્માજી સાથે સંબંધ એ હતો કે કયા ક્ષેત્રમાં કાર્ય કરવાથી મારી અહિંસાની ભાવના બરોબર ખીલવી શકાય. મેં એમની સમક્ષ બાળકોમાં શારીરબળ પેદા કરવાનો કાર્યક્રમ મૂક્યો તેનું મુખ્ય કારણ એ છે કે બાળક નિર્દોષ હોય છે; કોઈ પણ ભોગ કાર્ય માટે તેનામાં અનાદિ શક્તિ બરોબર હોય છે; એ અહંન્યાકાશી હોય છે અને પોતાના કામમાં તલ્લીન રહી ગમે ત્યારે પોતાનું બલિદાન આપવાની શક્તિ તેનામાં સ્વાભાવિક હોય છે. બાળકમાં હિંસાનો ભાવ કે હિંસાના કાર્યને સ્થાન હોતું નથી. એથી મેં બાળકોનું ક્ષેત્ર પસંદ કર્યું છે. બાળકોની દુનિયામાં રહીને હું અખૂટ શ્રદ્ધા કે આપણું સત્ય અને અહિંસાની ભાવના કેટલી વહ સુધી આવી છે..... હિંદુસ્તાનના નવયુવકો જે શરીરબળ પેદા કરશે તેનો અનુભવ આજ દેશના દિલમાં ચમકાર એની શક્તિની કાયરતાના થતી જોઈએ... અહિંસાનો માર્ગ એટલે પોતે બલવાન સમાજને સુખી કરવાનો માર્ગ. અહિંસામાં જેટલી વહ સુધીની સહનશીલતા કેળવવી પડે છે તેટલી સહનશીલતા હિંસામાં નથી કેળવવી પડતી. અહિંસાના માર્ગમાં રહેલી અહિંસાનશક્તિના મૂલમાં શરીરબળ આવશ્યક તત્ત્વ છે. આજે હાંપીટ્યો અહિંસાનો માર્ગ પ્રજાને આકરો લાગે છે તેના મૂલમાં એક મુખ્ય કારણ છે કે શબ્દમાં દૃઢ શ્રદ્ધા જેટલું બળ નથી. એનું કારણ અહિંસાને રસ્તે ગાડી પ્રગતિ કરી શકે નહિ. સાચું બળ બળ તંદુરસ્ત શરીરમાં જ સંભવે છે. આવી વિચારસૃષ્ટિની પ્રેરણાને મારી સત્ય અને અહિંસાની સાધના માટે મેં વ્યાયામનું ક્ષેત્ર પસંદ કર્યું છે. હું આશા રાખું છું કે એ સૃષ્ટિ મને પૂરતો સહકાર આપશે. મહાત્માજી અને બીજા દેશનેતાઓના આશીર્વાદ મેળવવા હું આજસુધી રહ્યો છું. હવે પછી પ્રત્યક્ષ કાર્યની શરૂઆત કર્યા પછી જે મુશ્કેલીઓ ઉભી થાય તેને દૂર કરી દેશના સુખમાં શારીરબળને સંયમિત અહિંસાને માર્ગે વાળવાની શક્તિ પરમેશ્વર મને અર્પે.

૨૬-૨-૪૦ —પૃથ્વીસિંહ

સોનગઢમાં વ્યાયામવર્ગ

શ્રી કાઠિયાવાડ વ્યાયામ પ્રચારક મંડળ તરફથી જાહેરો તથા ભાઈઓ માટે તાલીમની સુંદર તક


ગુજરાત-કાઠિયાવાડના હજારો જુવાનોના શરીરબળને સંરક્ષવા તથા વધારવાની સામાન્ય રીતે નિરંતર જાગી રહેલાઓને સદુપયોગ અર્થે ઉદ્દેશ અગિયાર વર્ષમાં કાઠિયાવાડ વ્યાયામ પ્રચારક મંડળ તરફથી આઠ વ્યાયામ-વર્ગો ભરવામાં આવ્યા છે અને સેંકડો જવાનોને આ વ્યાયામ-વર્ગોનો લાભ મળેલ છે; તે અનુસાર આ વર્ષે પણ સોનગઢ મુકામે તા. ૧-૫-૪૦થી તા. ૩૧-૫-૪૦ સુધી વ્યાયામવર્ગ ખોલવાનું શ્રી. કા. વ્યા. પ્ર. મંડળે નક્કી કરેલ છે. આ વર્ગમાં ૪૦૦ થી ૫૦૦ વિદ્યાર્થીઓ માટે સમવડ સગવડ આવેલ છે.

સરદાર પૃથ્વીસિંહ કોચ સ્વામીસત્ય આ વ્યાયામવર્ગમાં પોતાની સેવાનો લાભ આપવા બે માસ સુધી સ્વેચ્છાએ છે. જાહેરોને પણ તાલીમ મળી શકે તે માટે માસ અઢાવધી પ્રોગ્રામ કરવામાં આવી છે અને તેમને માટે વર્ગની માસ બે જાહેરો આવવાના છે.

આવા માસ દરમ્યાન ફૂડ તથા ખોરાક માટે રા. ૧૫) દરેક વર્ગ જાહેર ફી લેવામાં આવશે. તાલીમને અંગે કશી ફી લેવામાં આવશે નહિ. વ્યવસ્થા વર્ગના સમાવેશ ઉપરોક્ત પંદર રૂપીઆમાં કરવામાં આવેલ છે.

તા. ૨૦-૪-૪૦ સુધીમાં વર્ગમાં લાભ લેવા ઇચ્છનાર ભાઈઓએ ડીપોઝીટના રા. બે સાથે અરજી મોકલવી. નિયમો તથા પ્રવેશપત્ર માટે સ્ટેમ્પ સાથે નીચેને સરનામે પત્રવ્યવહાર કરવો.

વલ્લભ કે. મોદી
મંત્રી - શ્રી. કા. વ્યા. પ્ર. મંડળ - આણંદજી



કોલસાના
ડામરમાંથી રંગ

બનાવવાની શોધ અને ઉદ્યોગની કથા

લેખક : ડૉ. નરસિંહ મૂ. શાહ M.Sc.



પંચ્યાશી વર્ષનો લાંબો કાળ વહી ગયો. પર્કિન નામનો એક અંગ્રેજ યુવક રાસાયણિક શોધખોળનું કાર્ય આદરનો હતો. વિજ્ઞાનના વિદ્યાર્થીઓ જેમ શોધખોળનું કામ શરૂ થતાં સ્વપ્નાં સેવે છે તેમ આ યુવકને બનાવટી કિનાઈન પેદા કરવાની મહેચ્છા ઉદ્ભવી. કોલસાના ડામરમાંના બેન્ઝીન (Benzene) નામના પદાર્થમાંથી એનીલીન (aniline) બનાવીને તે પર પ્રયોગો આદર્યા. સંકેદ કિનાઈનને બદલે રંગીન પદાર્થ પેદા થયો. કોલસાના ડામરમાં આવેલ પદાર્થોમાંથી બનાવાતા રંગોમાં પ્રથમ રંગની એ ઉત્પત્તિ!

બ્યુનિસીઓના આ જમાનામાં આવી મહત્ત્વની શોધ વસ્તુઓની રંગે! કોલસાના ડામરમાંથી રંગની બનાવટનો વીસકોત્સવ૧૮૭૬માં ઉજવાયો. વિદ્વાનીઓએ પર્કિનની શોધની મહત્તા ગાઈ બતાવી. સામાન્ય જનતાએ આવી બ્યુનિસી પર બહુ ધ્યાન આપ્યું. આજકાલ કોલસાના ડામરમાંથી રંગ એટલી સાવ સાધારણ ચીજ થઈ ગઈ છે કે એ વસ્તુ 'અતિ પરિચયાત્ અવજ્ઞા ભવતિ' એ ન્યાયે અત્યંત નજીવી ગણે છે. સામાન્ય જીવનમાં આ ડામરના રંગો કેટલે અંશે પેસી ગયા છે! આપણા પરદેશની ચીજોમાં, ઘરના શણગારની ચીજોમાં, બૂટ, પાકીટ જેવી ચામડાની અનેક ચીજોમાં, કૂંકામાં, દવામેશ ઉપયોગમાં આવતી અનેક ચીજોની બનાવટમાં આ ડામરના રંગ સામાન્ય થઈ ગયા છે. આજનું જીવનગાં 'ખાતાં ચામતાં ડામરનો રંગ' નિશાળું એમ કહીએ તો અતિશયોક્તિ ન ગણાય.

એટલું જ નહિ, પણ કોલસાના દેશોની આબાદીનો આ શોધને લીધે ઉદ્ભવી છે. જર્મનીમાં મોટામાં મોટાં રાસાયણિક કારખાનાંઓ આ ડામરમાંથી રંગ બનાવવા માટે સ્થપાયાં છે અને આવા એક કારખાનામાં તો અઢી હજાર મજૂરોની સાધન્ય રોકવામાં આવી છે. એ કારખાનામાં ૧૦૦૦ કારીગરોને રોજી મળે છે અને બસો ઉપરાંત યોગ્ય તાલીમ પામેલા રાસાયણિકો રંગના બનાવની પ્રગતિ અર્થે શોધખોળ માટે રોકાયા છે.

રંગવાની કળા ત્રીસ સૈકા જૂની છે. પણ તે જમાનાના રંગારાઓ માત્ર અધોક ડજન રંગ બનાવતા: કેસરીઓ (saffron), ગળીઓ (indigo), મજીઠીઓ (madder), ગાંનો (orchid) અને જાંબુડીઓ (Tyrian purple). આમાંથી પહેલા ચાર રંગ તો તેમના છોડમાંથી તૈયાર કરવામાં આવતા અને છેલ્લો રંગ નામની માછલીમાંથી જે એક જાતનો રસ (secretion) ઝરે છે તેમાંથી બનાવાતો. ટૂંકામાં, આ બધા રંગ કુદરત પૂરા પાડતી. જે બાબતના રંગ આજે આપણે નિશાળીએ છીએ તે એ સમયમાં અત્યંત મુશ્કેલ હતા.

કોલંગસે અમેરિકા શોધી કાઢ્યો એટલે વળી આ બધા ગાંઠના કુદરતી રંગોમાં બેશક બીજા કુદરતી રંગોનો ઉમેરો થયો: જેવાં કે કોચીનીઅલ—એક જાતના બોર પર ઊછરેલાં જીવડાંના શરીરમાંથી કાઢેલો રાતો રંગ, લૉગવૂડ, બ્રાઝીલ વૂડ, હવરગ્રીટ્રોન ઇત્યાદિ. હિંદુસ્તાન તરફનો કૂણો દરિયાઈ ભાગ ખુલ્લો એટલે મળી મુરોપમાં જરા સસ્તી થઈ; અને મળી જેવો જ રંગ આપતા વોડ (woad) નામના છોડના વાવેતરને યુરોપમાં ઉત્તેજન મળવા લાગ્યું. ઉપરાંત, બીજા અનિજ પદાર્થો પણ રંગ તરીકે ઉપયોગમાં લેવાતા. હમુનો રંગ. હિંદુસ્તાનની વિશિષ્ટતા છે અને હજી પણ તે વિખ્યાત અને જપાન ચડે છે. ઉપર જણાવેલા એકાદ ડજન રંગો એ સમયના રંગારાની સમગ્ર સામગ્રી હતી. અનેક ચૂંચવમજૂરી કિયાઓ વડે તે રંગ ચડાવાતો અને અનેકવેળા ધાર્યો રંગ ન ઘટ્ટ થાંકતો. આ સદીની શરૂઆત સુધી રંગાટકળાની આવી સ્થિતિ હતી.

મનુષ્યતનનો રૂપ અને રંગ પ્રત્યેનો મોહ અને

પણ અતિ મૂલ્યવાન છે. આકાશમાં ઇન્દ્ર-ધનુષ્યના રંગ; વિવિધ સુંદર ફૂલોના રંગ ઇત્યાદિ કુદરતની સુંદર રંગીન સૃષ્ટિ મનુષ્યને આકર્ષે છે; પોતાના ઉપયોગમાં રંગ વડે આકર્ષણ પેદા કરવા તે મથે છે. છતાં, અનેક પ્રયોગશાળાઓને લીધે રંગોની એ વિવિધતા તે થોડા સમય સુધી ન આવી શકયો. આપણા પૂર્વજો રસાયન એજંસી મારિતી પરાવલંબનોના એમ નથી, પણ કુદરતી રંગો વિપુલ પ્રમાણમાં સદૈવાર્થી ન મળી શકતા એ ખાસ અડચણરૂપ હતું; એટલે મૈસૂરો સુધી રંગવાની ક્રિયા વહિ પામી શકી નહિ. છતાં છતાં માત્ર અપવાદાંજા રંગો વડે તેમને ચલાવવું પડયું; મન પસંદ રંગોની વિશાવટ તે ન પામી શકતા. આવી સ્થિતિનાં પણ રંગવામાં તો દિલ્ હમણી હતું, બારે આને ફક્ત રંગો સિવાય બીજો એકે દેશી રંગ અરી શકો નથી!

રાસાયનિક ઉદ્યોગોના ક્ષેત્રમાં ઓગણીસમી સદીનું પ્રથમ સાધ્ય કોલ્સાંથી ગરમી અને પ્રકાશ માટે કોલ-ગૅસ (coal-gas) બનાવવાનું. આ બનાવટમાં હવાની કોલ્સાને હવા વિનાની બંધ ભઠ્ઠીઓમાં ગરમ કરવાથી ગૅસ ઉપરાંત કામચલાઉ અનેક પદાર્થો ઉત્પન્ન થાય છે. આ બધાને 'ગૅસ-વૉટર યા તો કોલ-વૉટર' એટલે કોલસાનો કાળર એવું નામ આપવામાં આવે છે. ગૅસનું શુદ્ધીકરણ કર્યા પછી રહેતો આ ધંધાનો કાળર પ્રથમ તો ગામ નહામો બહાનો, એટલું જ નહિ પણ તેને નાખી દેવા માટે જોતરની જરૂર પણ ગણી નહિ. એ વસ્તુ ઉપદ્રવરૂપ થઈ પડી હતી. એ ધંધાનો કાળર કીમતી ખજાનો છે એ જ્ઞાન રસાયન-શાસ્ત્રીઓને ઘણું મોડું થયું!

ઈ. ૧૮૩૪માં રૂન્જે (Runge) નામના રસાયન-વિશારદે ધંધાના ઉપદ્રવ રૂપ ગણાતા આ 'કોલસાના કાળર' પર અખતરા આદર્યા. તેને ગરમ કરીને અને તેમાંથી નીકળતી વરાળ (distillation) દૂર પાડીને સાયનોલ (Cyanol) નામનો એક બેઝિક (ઍસિડથી વિરુદ્ધ પ્રકૃતિનો) પદાર્થ જુદો પાડ્યો. ૧૮૨૬માં મુન્ટરોડૉર્ફન (Unverdorben) નામના વૈજ્ઞાનિકે અળીમાંથી એક 'બેઝિક' પદાર્થ કાઢ્યો હતો. આનું નામ કીરોલીન (Crystallin) આપ્યું હતું. કારણકે તે તેજાબોની સાથે પાસાદાર સ્ફટિક પદાર્થો આપતો હતો. આ જ અરસામાં ઝીનીને (Zinin) પણ કડવી બદામના બનાવટી તેલ(nitro benzene)માંથી એક 'બેઝિક' પદાર્થ બનાવ્યો હતો. બન્ને જુદીજુદી વસ્તુઓમાંથી કાઢેલ આ 'બેઝીક' પદાર્થ એક જ છે—ગુણ અને રૂપમાં—એમ પ્રોફેસર હૉફમાને (Hofmann) પુરવાર કરી બતાવ્યું. આ પદાર્થ એનીલીન (aniline) કહેવાય છે—મણીના અરબીક નામ 'અનિલ' પરથી. અન્તરમાં મળતા કાળરના પુષ્કળ રંગ આમાંથી સીધી યા આડકતરીરીતે બનાવાય છે.

ઉપરની શોધખોળનું પરિણામ એ આવ્યું કે એનીલીનની માગણી વધી અને મોટા જથ્થામાં તેની બનાવટની જરૂર જણાવા લાગી. કોલસાના કાળરમાં એનીલીન અલ્પ જૂજ દોય છે અને તેમાંથી તે કાઢવાની મહેનત માથે પડે એવું લાગ્યું. પણ કાળરમાં બેન્ઝીન નામનો પદાર્થ પુષ્કળ દોય છે અને તેમાંથી તેમાંથી જુદો પાડી શકાય છે. નાઇટ્રિક ઍસિડ સાથે રાસાયનિક ક્રિયા કરવાથી આ બેન્ઝીનમાંથી કડવી બદામનું બનાવટી તેલ (nitro benzene) સહેલાઈથી બનાવી શકાય છે અને ઉપર દર્શાવેલ ત્રીનીનની રીત મુજબ તેમાંથી 'એનીલીન' પ્રાપ્ત થઈ શકે છે. આ બધી મહેનત પ્રથમ બજારીઓ રૂપ નીવડી. કોલસાના કાળરમાંથી ઉપયોગી વસ્તુ મળી આવે છે એ પુરવાર થયું. પણ એથી વિશેષ પ્રગતિ ન થઈ શકી. કોલસાને બીજામાંથી જદાર ધિરી આવતાં અમુક સમય લાગે છે તેમ ઉપર વર્ણવેલી શોધખોળ રૂપી બીજ જદાર આવતાં પચીસ-ત્રીસ વર્ષો વહી ગયાં.

૧૮૫૬માં લંડનની રૉયલ કૉલેજ ઑફ કેમિસ્ટ્રીમાં વિલિયમ હેનરી પર્કિન નામનો વિદ્યાર્થી પ્રોફેસર હૉફમાનનાં ભાષણો સાંભળવા જતો. એને એનીલીન પ્રત્યે ઘણી લાગી. ક્વિનાઈનમાં નાઇટ્રોજનના પરમાણુ છે અને એનીલીનમાં પણ એ જ પરમાણુ છે, તો એનીલીનમાંથી કૃત્રિમ ક્વિનાઇન બનાવવાનો તેને મનસૂબો જાગ્યો. પણ પ્રથમ પહેલી સફળ તે મુજબ સૂકેલ ક્વિનાઇનને બદલે કાચો પદાર્થ તેને મળ્યો. પૂર્વે પચાસ જેવા પ્રયોગો કર્યા હતા, પણ જોઈએ ન ગમે એવા કાળામેશ પદાર્થથી અજરોધને આખુંવિષયમાં શોધખોળ અજરામરે બદલી હતી. પણ પર્કિને આશા ધરાવ્યું. એ કાચો પદાર્થ શું છે તે તપાસવા મહેનત કરી. એ કાળી ચીજનું આલ્કોહૉલમાં દ્રાવણ કર્યું તો બેજુડીઆ (જાંબલી)

રંગનું દ્રાવણ થયું, અને તે વડે રેશમને રંગ ચઢાવી શકાયો. પર્કિને આચાર્ય હૉફમાનને બધી હકીકત કહી અને કારખાનું કાઢવાનો વિચાર જણાવી દીધો. પરંતુ આચાર્યશ્રીને બીજી વાત ગમે ન ઊતરી; ઊલટું ઠપકાભર્યા અવાજે બોલ્યા: "ઔષધોળાનું કામ છોડી નાલાયક ઉપાધિમાં શા માટે પડો છો?" ઔષધોળાનું ત્રિવિધ આના પાસ્કિમાં રૂપાંતર એ સાચા વૈજ્ઞાનિકને પસંદ ન પડ્યું.

બીજે વર્ષે પર્કિને નવા રંગની બનાવટ માટે કારખાનું શરૂ કર્યું અને 'જાંબુડીઓ' (Tyrian purple) એ નામથી રંગ બનાવવો શરૂ કર્યો. આ રંગ 'મૉવ' (mauve) તરીકે ઓળખાય છે, છાપાંઓએ પર્કિનની શોધને ખૂબ પ્રસિદ્ધિ આપી. 'મૉવ'ની શોધ પ્રત્યે સૌનું ધ્યાન ખેંચાયું. એ વખતમાં આ વિષે એટલી ચર્ચા જાગેલી કે મજાકમાં એમ કહેવાતું કે રાજદારી ઉપર ગ્રેજેસો પોલીસ પણ આ શોધથી માહિતગાર છે. કારણ કે દરેક વખતે તે બોલે છે કે 'મવ ઑર્ન'! પછી તો તરેહતરેહના રંગ બનાવવા માટે એનીલીન પર અનેક પ્રયોગો થવા માંડ્યા. નાયાનસને એનીલીન રેડ શોધી કાઢ્યો. પણ તેનું કારખાનું જરાય ચાલ્યું નહિ. બીજા પણ બેચાર રંગો આવ્યા. હરીફાઈએ સંશોધનને પુષ્કળ વેગ આપ્યો.

પણ પર્કિનની મુરકેલી ઓછી ન હતી. એનીલીન મોટા જથ્થામાં બનાવવા માટે તેને અનેક ઝંઝાળોમાંથી પસાર થવું પડતું; રંગારાઓને નવો રંગ વાપરવા સમજાવવું પડતું (સૌકડો વર્ષોનું રૂઢિ-પ્રાબલ્ય!); અને કારખાનાની મુરકેલીઓ ઊભી જ હોય. પર્કિને એ બધી મુરકેલીઓનો નિવેડો આણ્યો. રંગનારાઓને ત્યાં જઈ નવા રંગથી રંગવાના પ્રયોગો કરી બતાવ્યા. એનીલીનની બનાવટમાં જોખમી મુખ્ય વસ્તુ nitro benzene બનાવવાનું કૌશલ્યભર્યું કામ ઊતાર્યું. મૅસર્સનાં કારખાનાંઓમાંથી ડામર એકઠો કરવાની એજન્સી સારા પાયા પર મૂકી, જેથી કાચા માલની તાણ ન પડે. એનીલીનની કીમત પણ ઘરીઘાટથી ઊતરવા માંડી.

દરમિયાન અનેક અનુકરણ કરનારાઓ જાતજાતના રંગ બનાવવા મંડી પડ્યા. પણ એ રંગોની રાસાયણિક જાત તથા પરસ્પર સંબંધનું એ લોકોને ભાન નહોતું. પ્રોફેસર હૉફમાને આ પ્રશ્ન હાથ પર લીધો અને તેના પર પ્રકાશ ફેંક્યો. રાસાયણિક સિદ્ધાંતો અનુસાર નવા



કોલસાના ડામરમાંથી રંગો બનાવવાના શોધક પર્કિન

રંગો શોધાવા લાગ્યા. અને કોલસાના 'ડામરમાંથી રંગો'નું નવું પ્રકરણ ઉઘડી પામતું ગયું. કેકુલે (Kekule) ના શિષ્ય ફૉન બેયર (Von Baeyer) ૧૭ વર્ષના સતત પરિશ્રમને અંતે મજીનું સંશ્લેષણ (synthesis) સિદ્ધ કર્યું. આ અરસામાં ગ્રેબ્કે અને લીબરમાન (Graebe and Liebermann) નામના જર્મન રસાયનજ્ઞોએ ડામરમાંથી નીકળતા ઍન્થ્રેસીન(anthracene) નામના પદાર્થનો અભ્યાસ શરૂ કર્યો હતો. મંજરના છોડનાં મૂળમાંથી નીકળતો રંગ (alizarin) બૂના કાળથી વપરાતો તેમાંથી પણ ઍન્થ્રેસીન દ્વારા મેળવ્યો. એટલે તેમણે ઍન્થ્રેસીનમાંથી એ એલીઝેરીન રંગ બનાવવા અખતરા શરૂ કર્યા. પર્કિને પણ આ કામ હાથ પર લીધું હતું. ૧૮૬૯માં આ બધા અખતરા સફળ થયા. જર્મન વૈજ્ઞાનિકોએ ઍન્થ્રેક્સ પેટન્ટ મેળવી કરતાં વહેલી ચાલાકી કરી એટલે જર્મન બનાવટી ઍલીઝેરીન માટે વિક્રાલનું બજાર મળી ગયું.

આ રીતે કુદરતી રંગો સાથે બનાવટી રંગોની હરીફાઈ શરૂ થઈ. આ હરીફાઈમાં બનાવટી રંગોનો વિજયધ્વજ ફરક્યો, કારણ કે કુદરતી રંગ અત્યંત ઝીણા પ્રમાણમાં મળી શકે છે અને તેના જોડાના વાવેતર માટે ઘણી જમીન રોકવી પડે છે. ઉત્તરોત્તર આ દિશામાં ખૂબ પ્રગતિ થઈ રહી છે. આજે અનેક તરેહના પુષ્કળ રંગ મળી શકે છે.

છેવટે, કોલસાના ડામરમાંથી રંગની આ બનાવટના ઉદ્યોગની અગત્ય તપાસીએ. સૌથી પ્રથમ ફાયદો એ

...ંસની કીમત પટવા માંડી. ડાબર જે નિર્દોષ ...ણાતી તે એક કીડાની ખબર પડવા માંડેલ. ...ીજો હાકડો એ થયો કે રંગવાની કળાની વૈજ્ઞાનિક ...ીક્ષણથી થઇ. જર્મનીને સૌથી મોટો હાકડો એ થયો કે ૧૮૭૬માં ત્યાં રાસી કેમ્પ ઑફિસની સ્થાપના કરવામાં આવી. ડાબરમાંથી પ્રથમ રંગ ઉંદરમાં તૈયાર કરવામાં આવ્યો, પણ એ ઉદ્યોગની શીક્ષણથી જર્મનીએ કરી છે એ આશ્ચર્યજનક છે. રંગની બનાવટ જર્મનીનો રાષ્ટ્રીય ઉદ્યોગ ગણાય છે. રંગની સાથે સંબંધ ધરાવતા અનેક કીમતી પદાર્થો, જેવા કે જંતુ-વિનાશક પદાર્થો, ડાઇમેથ્રિ, અત્તર-સુગંધી પદાર્થો, કેરોસીનમાં વપરાતી ચીજો ઇત્યાદિ ડામરમાંથી બનાવી શકાય છે. કાર્બોલિક ઍસિડ, સેલિસિલિક ઍસિડ અને તેની બીજી બનાવટો, સૅકરીન, ઍન્ટીપાર્સીન, બનાવટી વેનિલા અને કસ્તુરી વગેરે ઉપયોગી વસ્તુઓનો આમાં સમાવેશ થાય છે. ટાઇફૉઈડ, કૉલેરા, ક્ષય વગેરે દર્દોના જંતુઓ ઓળખવા માટે પણ જુદાજુદા રંગ વપરાય છે. એ પણ મનુષ્યજાત પર રંગના ઉદ્યોગનો ઉપકાર છે.

ટિકીટો સંઘરવાનો શૉખ

કોઇની ટિકીટો તરફ નજર જતાવવા પૂરતી નવીનતા તેમાં જોવામાં આવવાથી સરકાર જે એદરકારી રાખે છે તે વિષે આપણે ઉહાપોહ કરેલો છે. ત્યાર પછી તેમાં બીજી એક જોદજનક બીના એ ઉમેરવાની રહે છે કે બ્રિટનના પી. પી. સી. (રેડિયો) બાતાએ નાએલ્તરમાં જ ટિકીટોના શોખના વિષે રેડીઓ પર પ્રવચનો આપવા માંડ્યા છે, બારે આપણા 'ઑલ ઇન્ડીઆ રેડીઓ' પર હજુ જેવી પણ પ્રવૃત્તિ નથી દેખાતી.

હવે આ સાથે ઉજવાનારી ટિકીટની શતાબ્દી વિષે. અમેરિકાના એને અંગે ટિકીટો ઘણાં ઘરાઓ ને વેપારીઓમાં ઘણો ઉત્સાહ વ્યાપ્યો છે કે એ પ્રસંગે ઉંડનમાં ભરાનારા એ પ્રદર્શનમાં ભાગ લેવા માટે ત્યાં જવા સારૂ એક આખી સ્પીશ્ર જ 'ચાર્ટર' કરી છે. એ પ્રદર્શનમાં જોવા ગમાડવા કે વિક્રેતાઓ જ નહિ, પણ જગતભરની પોસ્ટ ઑફિસના અમલદારો પે ભાગ લેવાના છે. અમેરિકા પોતાનો દસમાંબ ડૉલરની કીમતનો વિખ્યાત મંજર 'Million Dollar Post Office Collection' ત્યાં પ્રદર્શિત કરવાનું છે એટલું જ નહિ, પણ એ મહોત્સવ પ્રસંગે બ્રિટનની પેરે એ પણ ટિકીટોનો ખાસ સેટ બહાર પાડવાનું છે.

આપણા દિન તરફથી સમગ્ર પાંચ લાખ રૂપિયાની કીમતની ટિકીટો એ પ્રદર્શનમાં મુકાવાની છે. જિંદી ટિકીટોની બાબતમાં ઘટતી દરકાર તમે ડહાપ્ય નહિ જાળવતા હો. આપણી અદીની જ ટિકીટો-એક વખત આબીસીનિયા,' એડન, અલ્વાર, અમદાદ, અસરા, બાહરેન, બુશાયર, બંદરઅબ્બાસ, કુવાર્ત, ઝોબાહર, દુબઇ, મસ્કત, માદમરા, મકલા,, મસની, પોનાંગ, સીંગાપોર ને જંજબારમાં સોકની હતી-તેવી કુપ્રાપ્ય જિંદી ટિકીટોના આજે ૧૦૦૦થી ૫૦૦૦ રૂપિયા ભાવ બોલાય છે. આપણા દેશનાં જુદાં જુદાં ૪૦ દેશી રાજ્યો પોતાની ટિકીટો બહાર પાડે છે. ન્યૂ દિલ્હીના પોસ્ટલ મ્યુઝીઅમમાં ઇ. ૧૮૫૨થી બહાર પડતી જિંદી દરેક ટિકીટ મેળવવામાં આવે છે. એ સાલમાં જ મર જાર્જિસ ફ્રીઝરે પહેલી જિંદી ટિકીટ બહાર પાડેલી.

તમે ધારો તો પશુઓની, પક્ષીઓની, જાંધરાઓની, પ્રાકૃતિક દશ્યોની કે ભવ્ય વિભૂતિઓની અદ્દલ નકીઓ, પર્વતો વગેરેના જેવી વિશિષ્ટ ટિકીટોના જુદાજુદા સેટ કરી શકો. બિમાલયનું ૨૯૧૪૧ ફૂટ ઊંચું ગૌરીશંકર (ઍવરેસ્ટ) શિખર તો હજુ ટિકીટો પર મુકાંકિત થવાની રાહ જ જોઈ રહ્યું છે, પણ બીજા દેશો એવા કૃતઘ્ની નથી બન. પોતાની ટિકીટ પર પર્વતને પરેદુ સ્થાન આપ્યું નિહારમુખાએ-ઇ. ૧૯૬૨માં. ત્યાર બાદ એવા વેરવિખેર ને વિકૃત્ત (distorted) પ્રયાસો બાદ ઇ. ૧૯૬૪ની ઉત્તર બોર્નિયોની ટિકીટ પર કિનિ-બાલો પર્વતની સ્પષ્ટ છાપ ઝંકાઇ. ત્યારબાદ બ્રાઝીલે બાઉન્ટ પૂકા દ્વારા તેનું અનુકરણ કર્યા પછી હવે તો અનેક દેશોએ એ પ્રકાર અપનાવ્યો છે. જો કે પણોખરી વિમાની ટિકીટો પર પર્વતો અપેક્ષા હોય છે, પણ એ સ્વતંત્ર નહોતાં વિમાનની પશ્ચાદ્‌ભૂમિમાં જ મઝર સારે છે.

બનાબાની નદેરની જંબંની બ્રિટન્યા પછી મુનાફીક સેટ્સના દબાણ બાતાએ આજથી ત્રણ સરી વરનો એ નવા ખંડમાં છાપબાનાનો પ્રવેશ ક સેન્ટની ટિકીટો પર અંકિત કર્યો છે. એની શીઝાનમાં ઇ. ૧૬૩૯માં સ્ટેફન ડેમે નામના એક અંગ્રેજે આફ્રિકા પ્રિન્ટીંગ પ્રેસ અંકિત કરવામાં આવ્યું છે ને ૬ કરોડની સંખ્યામાં તેની ટિકીટો બહાર પાડવામાં આવી છે.

મહાજનોની મુલાકાતે

ઘ. મહાજનોને દુનિયા ઓળખે છે એમની સિદ્ધિઓથી. પણ એ સિદ્ધિ પાછળ રહેલી માનસપ્રક્રિયાની મર્મજ્ઞ કુંચવા મેળવવા એ બધી બખત નિરુપાય નીવડે છે ને તેથી તેના માત્ર વસ્તુજ્ઞતાનો જ પરિચય તે પામી શકે છે. એ અન્તરમાં ડોકાવાનું એમનું આંતરસત્ત્વ બહાર આવવાનો કોઈ સક્ત્ત્વ મળિયો હોય તો તેમની સાથે સંધાયલનો. એ મળિયો સક્ત્ત્વ-તાની દોરે કોઈને હાથે પડેલો હોય તો 'ટ્રિસ્ટિપ્સ્ટ્રમ શૅંડ્ય મેડિ'ના કેસા ત્રીજો સિકરેટર વીરેકા, અને બધી વાર્તા-તરમાં એન બંગલા. 'આપાં બડેલાં બે હજાર વર્ષમાં એવનત વકુદીની આત્મકથાના વિખ્યાત નિરુપક વીરેકે આજના વિચારજગતનું આધિપત્ય ધરાવનારી એક વ્યક્તિની મુલાકાતો લઈ તેનું રોચક રેખાચિત્ર પુસ્તકમાં મૂકયું છે, એમાંથી જે કેટલીક ચૂંટણી મુલાકાતો અહીં આપી છે તે વાચકને પોતાની મનોભૂમિકામાં નવાં તત્ત્વો ઉમેરવામાં સહાયક થશે.

બર્નાર્ડ શૉ

'સિત્તેર વરસ પછી જિંદગી પર નિરાશ નાખતાં મને આટલું માલમ પડયું છે: ધર્મ વગરનો મનુષ્ય નૈતિક ક્ષય છે. ધર્મ વગર સંસ્કૃતિનો ઉદ્ધાર નથી. પછી તમે તેને નામ ગમે તે આપો–જીવનબલ, વિશ્વાત્મા, અમર્ત્ય તત્ત્વ (Elan Vital), સર્જક ઉત્ક્રાન્તિ (Creative Evolution), ગમે તે. આજી ધર્મ વિનાનું જીવન અહંમાતોની પરવરા સિવાય કશું જ નથી. ઈશ્વર વગર મોક્ષના અભાવ જેવું જ કંઈ કરી શકું. પણ ધર્મ વગર તો નહિ જ.'


બર્નાર્ડ શૉ આ ગોઠણે રહ્યો હતો. ઑક્ટરી રોડ પરની લાયબ્રેરીમાં એની ને એની પત્ની વચ્ચે કું ખોડો હતો. શૉના પ્રવેશ સાથે જ લાયબ્રેરી બનેલ વીજળીક પાવરહાઉસ જાણે આખું મંડળના અવાજો દૂર દૂર ફેંકતા. લાયબ્રેરીયન નજર સામવા માંડયું.—એક બર્નાર્ડ શૉના અવાજ સિવાય.

મારી પહેલી મુલાકાત કરતાં શૉના વાળની સફેદતા વધી ગઈ હતી. પણ એનો બાંધો જરા યુવાનનો રહ્યો હતો ને સ્મિત જરા ગિરનું રહ્યું હતું. મન મલાવૃદ્ધનાં વરસોએ એને પકડ્યો થકવ્યો. પણ નિરાશા આવી. આખા યુદ્ધનો ભાર જાણે એના ખભા પર પડયો ન હોય! એની આંખોએ એની પેસ્તુબો ગુમાવી, જે એના ચિત્તમાંથી કદી ખસી ન શકે. એણે એને નમ્ર બનાવ્યો, સાથે નિર્ભ્રાન્ત પણ બનાવ્યો.

વેધક કટાક્ષથી એ નિરાશા ઘ્યાન રાખે છે, પણ એ તો માત્ર એનું આવરણ-ભેરવાક્ષ જણાય છે જેમાં એનું હૃદય એ ગોપનીય રાખે છે. જ્યાં એનો વિષાદ છાનો નથી રહેતો.

દેવોના સ્મિત જેવી શૉમાં રહેલી તેજરેખા વિશ્વની અસંભવિત છે. મને એનું 'Back to Methuselah' સાંભર્યું ને જીવનસાતત્ય સંબંધે એનો અભિપ્રાય મેળવવા સવાલ કર્યો: 'ઉદ્ધતને વાંકી કરવાના રેટાઘાટ ને ચોરોનોના અખાતરામાં તમે કેવોક રસ લો છો?'

'માનવ જીવન વધુ પડતું ટૂંકું લાગે ત્યારે જ દીર્ઘત્વ મેળવવા મથે. મારા માટે તો 'અમર બર્નાર્ડ શૉ'ના અભ્યાસથી વિશેષ બબ્બર કશું નથી. એકની એક રોપીમાં બાંધું બાયવા જેવું એ છે.'



વ્ય ત્રીસ બાજીસ વર્ષમાં તમારું જીવનકાર્ય પતાવી દઈ તમે એમ લાગે છે?'

'જીવન સદા પરિવર્તમાન છે. એ કદી પૂર્ણ નથી. તમાં મારું કામ મેં પૂર્ણ કર્યું છે.'

'તમારાં નાટકો આપોને?'

'ના, પ્રસ્તાવનાઓ આપીને.'

'ખરેખર, માનુસલ્લતમાં સહજ વિચારક્રાન્તિ લાવવામાં—'

'માનુસને ઠપકો દઈને વિચાર કરતા કરી નાખવાનું જગાડ જેવો હું નથી, એટલું યાદ રાખજો. મારું કાર્ય રચનાત્મક છે. નવી દુનિયાની એકાદ ને કૂંપળ મેં મૂકી છે.'

'તમારી કેટલી ચોપડી 'શૉ-મંત્ર (Shaw Doctrine)'ને વિસ્તારપૂર્વક વરદાર આપે છે?'

'Androcles and the Lion—એની પ્રસ્તાવના લો, નાટક નહિ. એ મારો ખ્રિસ્તી ધર્મ પરનો કરાર (testament) છે. પણ એ દિશામાં મારો સર્વશ્રેષ્ઠ પ્રયાસ તો Back to Methuselahમાં સર્જાયેલ ઉત્ક્રાન્તિના ધર્મ પર મેં લખેલી પ્રસ્તાવના છે. મારી બધી જ પ્રસ્તાવના મહત્ત્વની છે, બાસ કરીને Major Barbaraની એ મારો ગરીબી પરનો કરાર છે, જ્યારે 'Getting Married'ની પ્રસ્તાવના લગ્ન પરનો; Caesar and Cleopatraની પ્રસ્તાવના પ્રતિભા પરનો, ને Heartbreak House યુદ્ધ પરનો કરાર છે. અને મારો સામાન્યિક ગ્રંથ મેં The Intelligent Woman's Guide to Socialism and Capitalismમાં આપ્યો છે.

'સંત જોન'માં તમે એને મોંએ જે નિવેદનો કરાવ્યાં છે એ એણે કરેલાં?'

'હા, એમાંનાં બધાંખરાં; અને બાકીનાં વધેલ ખાત તો એ કરત.'

'તમારા વનસ્પતિ આહાર જેમ—'

શૉનો ખિલ્લજ એ વાક્ય રહ્યું કરતાં જ છટકોઃ 'હું ચોખ્ખું કહું છું કે તમારા કરતાં વધુ વનસ્પતિ હું નથી ખાતો, ને વધુ સાંકું જીવવા મને ઇચ્છા પણ નથી.'

'અલબત્ત એ તો સુવર્ણસામાન્ય બાબત છે.' મેં મોંએ આવ્યો જવાબ આપ્યો.

'એથી ગભરાઉં, એ એક બ્રાન્ત દેવ છે. આપણે મરીએ છીએ, કારણ કે આપણે જાણીએ છે કે દુનિયામાં આપણે જન્મ કરવો જોઈએ. ઉત્ક્રાન્તિ એ મહા રહસ્યમયી મહિમા છે. ડાર્વિનવાદના યાંત્રિક સિદ્ધાંતે ધર્મનો નાશ કર્યો, પણ એનું સ્થાન પૂરવા જગતમાં કંઈ ન આપ્યું. નૈતિક અને રાજકીય તર્કવાદને એણે વિજ્ઞાનનું સ્વરૂપ આપ્યું ને મહાકાયના યુરોપને મહાયુદ્ધમાં ધકેલ્યું. એ માટે કાંઈ આસ દોષપાત્ર નથી. યુરોપની એ આપત્તિનું કારણ એની ધર્મશૂન્યતા છે.'

'તો તમે ડાર્વિનને અસ્વીકાર્ય ગણો છો?'

'બિલકુલ નહિ. 'નેચરલ સીલેક્શને' જીવનને આ પ્રશ્ને બંધનેસતું બનાવવા ખૂબ જ અગત્યનો આમ બજાવ્યો છે. પણ આ પ્રશ્ને વિશાળ જ્ઞાન ને વિશ્વ સત્તાની આપણી સતત આકાંક્ષાને બંધબેસતું બનાવનારું તો સર્જક ઉત્ક્રાન્તિ છે. એ દિવ્ય જિજ્ઞાસા વગર ન્યૂટનની ગુરુત્વાકર્ષણની શોધ કામ ન બની હોત, અને આલ્ફ્રેડ્સ રૉકફેલરની ગોઠો પૈસાનો ગુણાકાર ન બન્યો હોત. પણ એ બધાં ઉપરોક્ત બારી બસોથી જોવાની જરૂર નથી.'

અંધારું થઈ ગયું હતું. બત્તીના દીવા ઝબકતા હતા. અંધારાને આવકારતા બતા અમારા ખંડમાં ધર્મપ્રાણ બર્નાર્ડ શૉનાં નેત્ર ઝબકી રહ્યાં હતાં.

બર્નાર્ડ શૉનો એકરાર


લંડનની નીકળતા 'સુનિવર ટીમ્સ પેપર' નામક સામાહિક 'શિક્ષિત મનુષ્ય કોને કહેવો?' એ ઉપર લંડનની અનેક વ્યક્તિઓના અભિપ્રાયો માગેલા. બધી વ્યક્તિઓએ પોતપોતાની માન્યતા મુજબનો નિર્ણય આપ્યો, ત્યારે બર્નાર્ડ શૉએ નીચે મુજબ કહ્યું ને તેમ કરી બતાવ્યું:

Sorry.
I have never met one
G Bernard Shaw

'દિલગીર છું, મને તો એવો કોઈ મળ્યો નથી.'

—ઝીમખાઈ વર્ડાલાકાર

(1. બર્નાર્ડ શૉનાં પુસ્તકોના પ્રકાશકો બજારુ કરીને શૉના એક પુસ્તકના પહેલા પાન પર નોંધ કરી છે કેઃ "બજેટ બજર કરતાં ખિસ્સાની કાપકૂપમાં કોઈ પુસ્તકો વધારે વાંચે છે." 'કુમાર'વાચકોએ આ વાત કેટલામાં લાગી?—અમ.



આ નકશામાં દર્શાવેલાં ઉત્તર ગુજરાતનાં સ્થળો ભૂમિનાં પ્રાચીન ઇતિહાસકેન્દ્રોના અવશેષો ખોળતાં

ભૂતકાળની શોધમાં

પગપાળા કરેલા પ્રવાસની લેખમાળા

ધર્મારણ્ય

સાશ્વતમેડલનો પ્રાચીન પ્રદેશ દાસ પાટણવાડો કહેવાય છે. તેની દક્ષિણે વઢીઆર પરગણું હતું. દાસ પણ તેનું એ જ નામ છે. પૂર્વે એ પ્રદેશ ધર્મારણ્ય કહેવાતો. પુરાણો અને મહાભારતમાં એનું નામ છે. આ આખા પ્રદેશ પર એક વેળા મોઢેરાના રાજ્યનો પ્રભાવ હતો. એ પ્રદેશમાં મોટું જંગલ હતું અને દાસ પણ કયાંક કયાંક એ જંગલના અવશેષો રહી જવા પામ્યા છે. આ ધર્મારણ્યની પ્રાચીનતમ પ્રસિદ્ધિ નદી જોકની હતી. દાસ પણ પાટણવાડા કરતાં વઢીઆરની વસ્તીમાં પણ પ્રાચીનતર છે. ધર્મારણ્યની કેટલીક નદીઓ દાસ ચૂકાઇ ગઇ છે. સંભવત: બેચરાજ અને મોઢેરાની નજીકથી વહી દાસ સરસ્વતી જે જગ્યાએ કચ્છના રણને મળે છે ત્યાંસુધીના વિસ્તારમાં પૂર્વકાળમાં મોટી નદી હતી. ચાંપેરથી મોટેશ્વર અને ત્રાણીથી સમી જતાં તેનો બેથી ચાર માઇલ પટ્ટો પડોશો પટ કે ઓળંગેલો છે. દાસ એ આર કહેવાય છે. વરસાદમાં તેમાં પાણી ભરાઈ રહે છે. જોડાના મેજરીઅરના લેખકનો અભિપ્રાય છે કે પુરાકાળમાં કચ્છના રણનો સમુદ્ર બેચરાજ સુધી લંગાએલો હોવો જોઇએ ને આ આર તેના જ અવશેષ રૂપે છે.

મોઢેરા અને રેલમાળનો ઇતિહાસ

સ્કંદપુરાણમાં એક મોઢપુરાણ છે ને તેમાંથી મોઢેરાના ઇતિહાસ માટે ઘણો પ્રકાશ મળે તેમ છે. એમાં ધર્મારણ્ય, મોઢેરા અને જેઠીમલ્લો વિષે જે કંઇ લખ્યું છે તેની ટૂંકી નોંધ આ નીચે આપું છું. વસ્તુની ઐતિહાસિકતાના પ્રશ્નમાં ઊતરવાનું આ સ્થાન નથી.

દાસ જ્યાં ધર્મારણ્ય છે ત્યાં પૂર્વે સ્વયંભુમનમાં વૈવસ્વત મનુ, કે જેનું બીજું નામ ધર્મ પણ હતું, તેણે આ વનમાં તપ કર્યું હતું એથી એ આરણ્ય ધર્મારણ્ય કહેવાયું. ધર્મે એમાં ધર્મેશ્વર મહાદેવને સ્થાપ્યા. એ જ વનમાં સૂર્યની સો સ્ત્રીઓએ તપ કરતાં સૂર્ય તેઓને દર્શન આપ્યાં અને ત્યાં જ સૂર્યકુંડ થયા. એ પછી ભગવાન વિષ્ણુએ ત્યાં તપ કર્યું અને એ સ્થળે એક સરોવર થયું જે દેવ સરોવર કહેવાયું. દેવભાગનું સરોવર તે એ જ દેવસરોવર છે એમ મોઢાએ મને કહ્યું. ભક્તિરાજના ૧૦૦મા પુત્ર મોદાસુર પણ એ વનમાં તપ કર્યું અને એનો વિષ્ણુએ વધ કર્યો. આ સ્થળ દાસ મોઢેશ્વર (સિદ્ધેશ્વર) તરીકે ઓળખાય છે. વાયેજ અને મોઢેશ્વરની વચ્ચે તે આવેલું છે. પછી બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ત્રિદેવોએ ૬૦૦૦ બ્રાહ્મણોને ઉત્પન્ન કર્યા અને તેઓ ત્યાં વસ્યા ... ણ મોઢેરાકપુર (દાસનું મોઢેરા) કહેવાયું. એ



સ્પેનનાં શહેરો – ૯ બાર્સિલોના

પ્રમાણ ભૂમિમાં પીરીનીઝનાં હિમાચ્છાદિત શિખરો અને સુમુખે ભૂમધ્ય સાગરનાં ઉછાળતાં પાણી વચ્ચે પથરાયેલા કીલાકાર મેદાન પર આવેલું આ શહેર સ્પેનનું મુખ્ય બંદર છે અને વસતિ તથા પ્રગતિમાં માત્ર પાટનગર માદ્રિદથી જ ઊતરતું છે.

બાર્સિલોનાનાં લોકો વતનીઓ કેટાલેન્ને બાકીના સ્પેનિયર્ડોથી જુદા છે. આખું સ્પેન પહેલાંના જમાનામાં પર્વતોની હારોને લીધે એકબીજાથી જુદા પડતા બાર ભાગોનું બનેલું છે. બારેને પોતપોતાની ભાષા, પોતપોતાનો પહેરવેશ ને રીતરસમ છે. એમાંનો એક ભાગ કેટાલોનિયા ને એનું મુખ્ય શહેર આ બાર્સિલોના. કેટેલન પ્રતિહાસકારોના કહેવા પ્રમાણે હાનિબાલના પિતા હામિલકારે તે વસાવેલું. કેટેલોનિયન લોકો મૂળથી જ આઝાદ સ્વભાવના હોઇ, સ્પેનિશસરકાર હમેશ તેમનાથી ટરતી રહી છે.

આજકાલ ફ્રેન્કિસ્ટ્રિયન કે આર્યોનિયન લોકોના સહ બૂમખબમાં પડેલા કેટલા વખતથી એ પુરાણું કેટેલોનિયાનું અસ્તિત્વ છે એ ત્યાંનું દાનવી (Cyclopean) સ્થાપત્ય સાબિત કરે છે. એના વતનીઓએ કાર્થેજનિયનો સાથે મળી રોમનોને હંફાવ્યા હતા. પછી તો ફ્રેન્કિસ્ટ્રિયન, ગોથ, કાર્થેજનિયન, રોમન, વેટાલ, વિસિગોથ અને પછી બર્બર, અરબ, સીરિયન વગેરે મુસ્લિમ આક્રમણોનું તે લોગ બનતું રહ્યું. પરંતુ મધ્ય કાળમાં કેટેલન બાદશાહોએ મુસ્લિમો પાસેથી સત્તા છીનવી સાર્ડીનિયા, સિસિલી ને નેપલ્સ છતી દૂર આફ્રિકા સુધી આણ વર્તાવી. એમની સમુદ્રસત્તાનો એ જમાનો હતો ને એ સત્તાનો પરિપાક પામેલું બાર્સિલોના ત્યારે વેનીસ, જીનોઆ, પીસા તમામને ઓળંગી જતું. મિસરથી માંડી ઉત્તર સમુદ્ર સુધીનો વેપાર તે એકહથ્થુ ખેડતું. ૧૫મી સદીમાં કાસ્ટીલની ઈસાબેલાએ જ્યારે કોલંબસ મોકલ્યો ત્યારથી કેટેલોનિયાનો આ દ્વીપ સંકુલ સ્પેનમાં સમાઇ ગયો.

બાર્સિલોના સ્પેનનું પ્રથમ કક્ષાનું ઔદ્યોગિક મથક હોવા છતાં ઘુમા ત્યાં નામનિશાન નથી. પીરીનીઝ ઊંચું કરેલું હાઇડ્રોઇલેક્ટ્રિક સ્ટે બધાં કારખાનાંને વીજળિક બળ પાડે છે. વિદ્યા અને સાહસમાં સ્પેનમાં તે અગ્રસ્થાન ધરાવે ૧૪૨૭ની સદીમાં સ્થપાએલી પુનિવર્સિટીએ શરૂઆતથી જ ઓ પનો સમાન દરજ્જો સ્વીકારેલો એનું બાર દુનિયાભરનાં જાણી આવકારે છે ને એ પ્રજાના સા ખમીરની સાક્ષી તો તેના 'ગેઉદે પીસ' નકશા ઊંચું કરેલું કોલંબ જગાએ પૂતળું આપી જ રહે છે. મહાયુદ્ધમાં કેન્દ્રો તરફથી લે માર્શલ જૅફે કેટેલન હતો.



ભૂમધ્ય સમુદ્રની કોર પર ચોખ્ખ નજરનું બંદર બાર્સિલોના સ્પેનનું પ્રમુખ વ્યાપારકેન્દ્ર છે. છતાં મોટા બારનાં બેવા કેન્દ્રસ્થા

આજિસ રાજા

'એ સારા જુવાનનો ખાંડિયો [ઝભ્ભો] તો સાવ સાદો છે, પણ એની ચાલ જુઓ તો જાણે કોઈ અસાધારણ પુરુષ ન હોય એવી છે. કોણ છે એ?'

'એ રાજા છે.'

'આવાં સાદાં કપડાં એ કેમ પહેરે છે? બીજા રાજાના જેવા પયરંજી વાઘા ને સોનાના અલંકાર એ કેમ નથી પહેરતો?'

'આપણા બાપદાદા રહેતા એવી સરળ રીતે આપણે રહિએ એમ એ ઇચ્છે છે.'

સ્પાર્તાના બે નાગરિક વચ્ચે આમ સંવાદ થયો. આજિસ રાજાની સાથે જ એવી બાબતો બની. સ્પાર્તન લોકો પ્રથમ તો ભપકાબંધ વસ્ત્ર પહેરતા. કાયમ પધારીએ સતા, ભપકાનું અન્ન ખાતા, અને પ્રસંગભરી સમય ઇજરત અથવા શણગારમાં ગાળતા. પણ હવે એ પુરાતન પદ્ધતિ ધરબાઈ ગઈ હતી. બોડાક લોકો જ ધનાઢય બન્યા હતા, ને બધીબધી જમીનના બધી ધણી બેઠા હતા; અને પ્રજાનો મોટો ભાગ ગરીબ, ઝબ્બેધરિયા, પેટ પૂરતું ખાવા નહિ પામનો તથા દેવામાં બુડેલો એવો થઈ ગયો હતો. જુવાન રાજાએ સ્પાર્તાનું દુઃખ દીઠું તો એને પોતાના દેશનો પ્રાચીન મહિમા સાંભર્યો, અને સુધારો કરવાનું એને મન થયું.

એક દિવસ એ એની મા તથા નાનીની હારે વાતો કરતો બેઠો હતો. એણે કહ્યું, 'તમે બેય ધનવાન છો, અને જો તમે મારું કહ્યું કરો તો બીજા ધનવાનને સારો દાખલો બેસાડો, અને એ પણ તમારું અનુકરણ કરે.'

'તે તમે શું કરવાનું કહો છો?'

'તમારા ગરાસનો મોટો ભાગ તમે છોડી દિયો એમ હું માગું છું: અને હું પણ એમ જ કરીશ. અને બીજા ધનિક પણ એમ જ કરે તો મારી એક યોજનાને સારુ આવશ્યક બોજ મળી રહે. એ બોજના હું નાના નાના ભાગ કરું, જેથી બોજેએક સ્પાર્તન જમીનનો માલિક થાય, અને એ જમીન ઉપર પોતા તથા પોતાના કુટુંબ સારુ અનાજ ને ફળ પકવે. એમ થાય તો નવરા પડેલા માણસોને કામ મળે, અને આગળ વધી ગયા છે તે સૌને ઉઘોગી બને.'

આજિસની વાત માદિકરીને મને ઉતરી, એટલે એણે સ્પાર્તન ઓમોની સભા ભરી અને કહ્યું:

'અમે જનસમાજના હિતાર્થે અમારું બધું ધન દઈ દેવાનાં બીએ. તમે પણ તમારા વરને કહો કે અમે કરીએ એમ કરે, એટલે આપણા પ્રાચીન રાજ્યમાં શાન્તિ તથા સંતોષની પાછી આણ વર્તે.'

રાજાની યોજનાના સમાચાર બનીને ગરીબ બહુ આનન્દ પામ્યા, પણ સાહુકાર તપી ગયા; એને થયું કે હવે આપણું ધન, જમીન, સુખ ચોરી લેવાશું. સ્પાર્તન લોકોમાં એક નદિ પણ બે રાજા ચૂંટવાની રીત હતી. આજિસ નાનો રાજા હતો; મોટો રાજા લીઓનીડાસ હતો. તેણે સાહુકારનો પક્ષ લીધો, એટલે દેશમાં બે પક્ષ પડી ગયા. મોટોક સમય આજિસનો પક્ષ બળવાન્ થઈ પડ્યો તેથી લીઓનીડાસ ભાગી ગયો.

એક દિવસે સ્પાર્તનોનું મોટું રાજા દસ્તાવેજની દોળી જોવા ચોકમાં મેળું થયું હતું. એક માણસના જોર આગળ પૈસા જોવા દોય, અને જોકિયાતે હું પૈસા પાછા આપીશ એવા બબાલ ઉપર દેવદારની મબી કરારી લીધી દોય તો તે બબાલ દસ્તાવેજ કહેવાય; અને જોકિયાત દસ્તાવેજનો નાશ કરે તો દેવદારને દેવું વાળવું ન પડે. રાજાએ હુકમ કર્યો કે જેના જેના આગળ આવા દસ્તાવેજ દોય તે તે બોધા દસ્તાવેજ આજે અને કુતાસણીમાં એનો હોમ કરે. આમ બધા દસ્તાવેજ અગ્નિસાત્ થઈ ગયા, તેથી મોટો આનંદની મર્છ મોટા, પણ બાલબાળ ઉદાસ થયા અને એને રાજા ઉપર દાઝ ચડી. રાજા આજિસે પોતાનાં ખેતરોમાંથી તેમજ પુષ્કળ ધન આપી દીધું હતું. એની મા તથા નાની અને મોટાક મિત્રોએ પણ પોતાની મિલકતનો

ત્યાગ કર્યો હતો. પણ પચ્ચાખરા સાદુકાર દરજી વાટ જોતા હતા; એને પોતાની મિલકત છોડવાની ઇચ્છા નહોતી.

એકવાર એવું બન્યું કે મીસના બીજા ભાગમાં લડાઈ ચાલતી હતી તેમાં એક પક્ષની વારે આન્દ્રિસ રાજા રપાર્તન લશ્કર લઈ ને ચડ્યો, પણ એ રપાર્તા પાછો નહોતો આવ્યો, ત્યાં ધનવાન લોકોએ બળવો કર્યો તથા લીઓનીડાસને પાછો સિંહાસને બેસાડ્યો. આન્દ્રિસ રપાર્તા આવ્યો, અને તીર્થસ્થાનમાં ગાબૂસનો વધ કરાવ નદિ એવો મીસમાં નિયમ હતો એટલે એક મંદિરમાં ભરાઈ ગયો.

મંદિર બહાર આવો ને રાજ્ય ચલાવવામાં મદદ કરો એવા સંદેશા લીઓનીડાસ આન્દ્રિસને મોકલતો. એના ઉપર આન્દ્રિસનો વિશ્વાસ નહોતો બેસતો. પણ મંદિરથી થોડે દૂર સ્નાનઘર છે ત્યાં સુખેથી જઓઆવો એમ લીઓનીડાસે કહેવરાવ્યું તે આન્દ્રિસે માન્યું. દેવની બે વાર એ સ્નાનઘરે ગયો ને રોગ એમ મંદિરે પાછો આવ્યો. એટલે એને થયું કે આમાં કાંઈ જોખમ નથી. પણ એક દિવસ સંધ્યાકાળે એ સ્નાનઘરથી મંદિરે આવતો હતો ત્યાં તેના બાળ વિશ્વાસઘાતી મિત્ર એને મળ્યા, અને એની સારે વાતે વળગ્યા, ત્યાં કેદખાનાની ગડમીનો ખૂણો આવ્યો. એ દેહારો એક મિત્રે એકદમ રાજાના માથા ઉપર ઝાંડિયો નાખ્યો, ને બીજા બેએ એના હાથ ઝાલ્યા. બીજા લોકો પણ ત્યાં આવી ચડ્યા. અને આન્દ્રિસને જોતજોતામાં દરદી ગયા. એનાં સોબંદી દ્વાર ઉઘડ્યાં અને પાછાં તરત બીડાઈ ગયાં

પાંચ ન્યાયાધીશ જોતજોતાના એક ખંડમાં બેઠા, અને રાજ્યબંધના ઉપર દીવાને અજવાળે કામ ચલાવ્યું. ન્યાયાધીશે છેવટે પૂછ્યું: 'તમે રપાર્તામાં જે કામો કર્યો છે એનો તમને પસ્તાવો થાય છે?'

'ના, રે, ના,' યશ રાજાએ જવાબ આપ્યો. 'હું મરું ભલે, પણ એવા શુભ કામનો મને પશ્ચાત્તાપ ન જ થાય.'

ન્યાયાધીશોએ આન્દ્રિસને દેહાન્તદંડ કર્યો, એટલે અમલદાર એને એક નાનકડી કોટડીમાં લઈ ગયા અને ત્યાં એને મૂંગો દઈને મારી નાંખ્યો. મરતા પહેલાં એણે જોયું તો એક અમલદાર રોતો હતો.

'મારા ભાઈબંધ,' રાજા બોલ્યો, 'મારે સારુ શું રુએ છો? મેં કયાં કોઈનું અમંગળ છે? મારા પ્રત્યે અન્યાય કરનાર એ લોકો કરતાં હું સુખી છું.'

રાજાની મા તથા નાનીને આવવા સારુ જેલખાનો દરવાજો ઉઘડ્યો. બેયનાં મનમાં એમ કે આપણે જઈ ને આપણા પ્રિયજનનો જીવ બચાવિએ. પ્રથમ તો દાદ માતામહીને કોટડીમાં લઈ ગયા, અને પછી માને. પણ મા જઈ ને જુએ છે તો પોતાના દીકરાનું તથા દાદ માનું એમ બેયનાં શબ પડ્યાં છે. નીચી નમીને એણે આન્દ્રિસને ચુંબન કર્યું, અને કહ્યું 'દિકરા, આ દેશમાં તે તારા જેવા પ્રમાણિક ને ઉદાર રાજા હોય કે?'

'તમારા દિકરાનું પરાક્રમ તમને ગમતું હોય તો તમે પણ એને મોટા માનમાં બાજ પડાવશો,' દગાખોર મિત્રોમાંના એકે કહ્યું.

રાણી નીસાસો નાખીને બોલી, 'જે પાપ તેમાંથી રપાર્તાનું કલ્યાણ થાઓ.'

આ વાકય એને મુખેથી નિકળ્યું ન નિકળ્યું, ત્યાં શત્રુઓએ પણ એનો વધ કર્યો. અને ત્રણે શબ કરવામાં આવ્યા ટોળે મળેલા લોકોના દેખતાં જેલખાનેથી બહાર લઈ ગયા. લોકો ત્રાસીને ઘેર ગયા.

આન્દ્રિસ રાજાના મૃત્યુમહોત્સવને આજ ૧૯૮૦ વર્ષ થઈ ગયાં, પણ એના જેવા વીરપુરુષો ને એની મા અને નાની જેવી વીરાંગનાઓ મરે છે એમ કોઈ ન માને; એવા બહુ છતો તો કાળનો પરાભવ કરે છે, અને એનાં સુચરિતનાં સ્મરણો પ્રેમપંથને સદા સર્વદા પ્રકાશિત કરે છે:

Say not they die, those martyr souls
Whose life is winged with purpose fine;
Who leave us, pointing to the goals,
Who learn to conquer and resign.

Such cannot die; they vanquish time,
And fill the world with growing light,
Making the human life sublime
With memories of their sacred might.

—*Malcolm Quin*

(પ્રધાનના પ્રોફે કરેલા રૂપાન્તર ઉપરથી) ફે. વા.

મણિ

(અનુવાદ)

મોટા શી વજ્રખાતુ ૨૮ ધનબ્રહ્મ તમા પીગળે છે નિઃસાસે;
બાપા મે પીગળે છે; પણ જનનખિલ્લિઓ કોઇ એવા જડે છે
જેને પીગાળવાનાં છવતી ધનબ્રહ્મ કૈં આંહ માટો ગઈ રે!

જેઠાલાલ ત્રિવેદી

બળબળાટ કરવા સરકાર ઇચ્છતી ન હતી.

પાછળ બીજી એક મોટી કુદરતી ઘટ મિ. જેકબને આવતા હતા. અમારી એ હવરની કુદરતી સ્ટાંડર્ડન આગળ પહોંચી ત્યાં હરીથી મને પકડવામાં આવ્યો અને કેસની તા. ૧૧મીની મુદત પડી. અમે તો આભા થયા. પણ હવે સરકારથી આ બધું છુપાવ્યા તેમ ન હતું. એટલે તેણે પ્રથમ મને આ બધાથી એકદમ વિખુટો પાડવાનું પગલું લીધું. આ સમયે મિ. પોલાકને હિંદુસ્તાનમાં ડેપ્યુટેશન લઈ મોકલવાની તૈયારી થઈ રહી હતી. તે મારે ઉપડતાં પહેલાં તે મને મળવા આવ્યા. પણ 'આવ્યો અવસ્ય રહે અને ઘરિ કરે સો હોય' એમ બન્યું. મને રવિવારે બીજ વખત પ્રેસીડેન્સીમાં આગળ પહડ્યો. આ વખતનું વૉરંટ ઠંડીથી નીકળેલું હતું અને તરોમત ગિરફાદિયાઓને કામ છોડાવ્યાનું હતું. અદીથી મને પણ જ યુપકીથી ઠંડી લઈ ગયા. ઉપર જવાની મને હું કે મિ. પોલાક અનારી સાથે દુઃખમાં હતા. તેણે આ કામ સંભાળી લીધું. ઠંડીમાં મંગળવારે કેસ ચાલ્યો. મારા ઉપરના ત્રણે આરોપ મને વાંચી સંભળાવવામાં આવ્યા. મેં તે કબૂલ રાખ્યા અને રજા મેળવી જણાવ્યું કે 'મારા પોતાના તરફ અને બધી પ્રજા તરફ બ્રાહ્મની ખાતર મારે કરેલું જોઇએ કે જે તરોમત મારા ઉપર મૂકવામાં આવ્યાં છે તેની બધી જવાબદારી એક વકીલ તથા નાતાલના બૂતા સ્ટીલ તરીકે હું મારે માથે લઉં છું. હું માનું છું કે આ બોઅોને કોંગ્રેસની સરકાર સામે જવાથી લોકોનાં મન ઉપર જે છાપ પડી છે તેનો હેતુ ઉમદા હતો. આક્રોશવાળા સામે કંઈ તકરાર નથી. આ સજાથી તેમને ગંભીર નુકસાન થાય છે તે માટે હું દિલગીર છું. હું દિલી મજૂરો રાખવાવાળાને પણ વિનંતિ કરું છું કે આ કર મારા જેવી આફ્રિકા પર બોજા રૂપ છે અને તેથી તે રદ થવો જોઇએ. મને લાગે છે કે ઑ. મિ. બોધમે અને જનરલ સ્મટ્સ વચ્ચે જે સ્થિતિ બેઠા થઈ છે તે જોતાં અત્યંત ધ્યાન ખેંચાય તેવી લાગ દોરાવવાની મારી ફરજ હતી. બીજાને અને બાવલાં બચ્ચાંને જે સંકટ સહન કરવાં પડ્યાં છે તે હું સમજું છું; અને તે છતાં મને લાગે છે કે જોખમને સલાહ આપવાની મારી ફરજ હતી અને તે મેં બજાવી છે, અને જ્યાં સુધી તે રદ થયો નથી ત્યાં સુધી કામ નહિ કરવાની ને ભીખ માગીને પેટ ભરવાની સલાહ મારા જેવી આફ્રિકાને હરીફરીને આપવાની ફરજ સમજું છું. અને ખાતરી છે કે દુઃખ ભોગવ્યા વિના તેઓ પરના જુલમનો અંત આવવાનો નથી.'

હું તો જેલમાં ફરી કામ જોડાઇ. પાછળથી વોરંટમાં મારા ઉપર કામ આપ્યું અને ઠંડીમાં બાકીની નવ માસ ઉપરાંત ત્યાં બીજ ત્રણ માસની જેલ પડ્યું.

આ અરસામાં મને ખબર પડ્યા કે મિ. પોલાક પકડાયા છે અને હિંદુસ્તાન જવાને બદલે જેલમાં જઈ બેઠા છે. હું તો રાજી જ થયો. મારે મન પેલા ડેપ્યુટેશન કરતાં આ ડેપ્યુટેશન મોકું થયું. તે પછી તુરત જ મિ. જેકબ પણ પકડાયા અને તે પણ મિ. પોલાકની પેઠે ત્રણ માસની જેલમાં જઈને બેઠા. આગેવાનોને પકડ્યા પછી લોકો નમી જશે એમ માનવામાં સરકારે તો ભૂલ જ કરી. બધા દક્ષતાસિદ્ધાઓને મારેક બાજુ ટ્રેનો ભરી ઠંડી તથા ન્યૂકેસલમાં પાછા આવ્યા. ઉપર જઈ જવામાં આવ્યા. ત્યાં તેમોના ઉપર મારે જુલમ થયો. તેમને બહુ સહન કરવું પડ્યું. પણ સહન કરવાને તો બધા જ તૈયાર થયેલા જ હતા. બહુ આગેવાનો હતા. તેમોને કરેવાતા આગેવાનો વખત પોતાનું જાણ બતાવવાનું હતું અને તે તેમણે બતાવી આપ્યું. કેવી રીતે બતાવ્યું તે વખત બતાવે છે. કવિ દયપતરામે કહે આવું છે કે 'કષ્ટ વામ્યા વિના કૃષ્ણ કોને મળ્યા, મારે જુમતા જુઓ સાંઇ મોળી.'..."

દક્ષતાય કેમ પ્રગટી, કેમ બની. કૂમ કેમ કરવામાં આવી, એ બધું કરનારા કોણ અને કેવા હતા એ બધી વસ્તુસ્થિતિ આપણને ઉપરના બયાનમાંથી જરાજર સમજાઈ, પરંતુ એ દિવસોમાં રોજેરોજ અમને જે મારિની મળતી તે ઉપરની મારી કલ્પનામાં આવી એ વાત ઉપર કહી તે જ ન હતી. વળી આપણને તો માત્ર સાધનની અને દક્ષતાસિદ્ધાઓની જ દયા ચર્ચવેલી છે; પણ અમે તો એ વખતે માત્ર આપણની જ દયા કરવા ઊભરાઇ રહેતા. એ સિવાયની બીજી મોટી વાતનાં અને ગાત્રી ભાન ન રહતી. આપણ વિનની વાતો જે અમે સાંભળતા જોયાની જે મને થાય છે તેના કંપારો પણ આપણને પોતાના જોવામાં આવ્યા નથી દીધા. મારી નાનકડી આંખને દેખાયેલો અને મારા મગજને અનુભવાયેલો એ ઇતિહાસ આવતા પ્રકરણમાં.

(ક્રમશઃ) મનુભાઇ જ. પાંચોલી

પંચતંત્રની વાર્તાઓ

દમનક કહે, 'તું નીતિતત્ત્વનો જાણ નથી એટલે આમ કહે છે. શત્રુ તથા રોગ તો જેવા બન્યે એવા જ એને ગમાવવા ઘટે; નહિ તો પેપાને એ મદારણાને પણ દઝે છે.'

સંજીવક મંદમંદ ગતિએ સિંહ ગાયણ આવ્યો, અને એનો આકાર દમનકે વર્ણવ્યા પ્રમાણે જોઈને પ્રણામ કર્યા વિના દૂર બેઠો. પિંગલક પણ દમનકની વાત બળતી આવતી જોઈને એના ઉપર રૂઠી પડ્યો. સંજીવકની પીઠ ઉપર સિંહના નખ લાગ્યા, પણ એના પેટમાં શીંગડાં મારીને સંજીવક એનાથી છટકવો ને લડવા તૈયાર થઈને ઊભો.

આ જોઈને કરટકે દમનકને કહ્યું. 'ધિક્ મૂઢ

પ્રાર્થના



મોરને મયૂરપંખ આપો, દેવી શારદા!
મોરને ભેરુકંઠ આપો;
વાદળને શ્યામ રંગ આપો, દેવી શારદા!
ઈંધાનાં દેશમાં સુહાવો. (ધ્રુવ)

ચંદ્રમા ઊગીને આજે વાગ્યાં છે આંજણાં,
અડકીની તડકી દે, આપો વેર શારદા!
ઈંધાનાં દેશમાં સુહાવો.

આંગણના આભ જેવી એઠલીઓ પૂરીએ. ધાનમાં ધાનની ધર્ક આપો, દેવી શારદા!
ઈંધાનાં દેશમાં સુહાવો.

ધાનમાં ધાનની દે અમે ધૂપનાણાં ધૂપદાં
ધૂપોની ધાળ ગની આપો, દેવી શારદા!
ઈંધાનાં દેશમાં સુહાવો.



અમારાં ગાન ધર્યાં મેરે છે તાન વિના,
ગાનવો! રમાવો! ચમાવો, દેવી શારદા!
ઈંધાનાં દેશમાં સુહાવો.

નીંદરના પારણાને ઝૂલાવા જોગણી!
ગમણાંની રમણા દે આપો, દેવી શારદા!
ઈંધાનાં દેશમાં સુહાવો.

મોમરાનું વાન દીધો, મોરલાનું ગાન દીધો,
દેસધાની સાન દેઈ ગયો, દેવી શારદા!'
ઈંધાનાં દેશમાં સુહાવો.

રમણિક અણજાણ્યા

વૈરાગ્ય જગાડીને તે જપું ન પ્રાપ્ત નોખ્યું કરી. સાધથી સિદ્ધિ થાય ત્યાં દંડ કોણ સાધરથી ચિત્ત સમે ત્યાં કરતો પરોપ્ય કોણ પરે? તારી વિદ્વત્તાનું તને મિથ્યાભિમાન છે, પણ જેનાથી ઇન્દ્રિયનિગ્રહ ન થાય, જે ધર્મમાં વર્તાતી નથી, જેને પામીને માણસ બીજા પ્રાણી કેમ વાસ્તવના જ કરે છે, જેનાથી ચિત્ત શાંત ન થાય તે વિદ્વત્તાને શું કરે? તારી બુદ્ધિ જ વિપરીત છે. જ્ઞાનથી મદ શાન્ત થાય છે, પણ દુષ્ટને જેનાથી જ મદ થાય છે; તેજ જે આંખને બગાડે છે તેનાથી જ ઘૂક આંખનો થાય છે. તારું કુળ જ એવું થાય છે. પુત્ર પિતાને પત્રક્ષે અવશ્ય આવે છે; કેતકીના ઝાડ ઉપર આમળાં કમાંથી થાય? દિનેચ્છનું કર્યું ન કરનારને ઉપદેશ શું કરવો કર્યું છે, કે

અનારભ્ય ન નમે કાર્યું, પત્થરે ન સુરક્ષિયા।
સૂચીમુખ મરી જાવો, મૂર્ખને શીખવે જ શું પ્રજ્ઞા

દમનક કહે: એ કેમ? કરટક કહે:

કથા ૨૭

એક વનમાં વાંદરાનું જૂથ હતું. તે એકવાર હેમન્ત ઋતુમાં ટાઢે ઘરથરતું હતું એટલે આગિયાને અગ્નિ જાણીને એના ઉપર સૂકાં લાકડાં, સાંઠી, ને ઘાસપાત મૂકતું હતું, અને કાખ, પેટ તથા છાતી બંનેજાતું તાપમનોરમ્યનું સુખ અનુભવતું હતું. ત્યાં એક વાંદરાને વિચાર ઠંડી વાતી હતી એટલે તે આની બીજિયા અગ્નિ ઉપર ફૂંક મારતો હતો, તે જોઈ ને સૂચીમુખ નામે પક્ષી ઝાડ ઉપરથી મિત્રોને બોલાવા બાદ, દાખડા કર મા, આ અગ્નિ નહિ પણ આગિયો છે. એને ફૂંકવાથી કાંઈ ન વળે.' એક વૃદ્ધ વાંદરાએ એને કહ્યું: 'મૂર્ખ, તારે તેની શી પંચાત? એટલે વૃદ્ધ કારેણા ચૂપ્યારીની તથા જેના કામમાં ઉપરાઉપર વિઘ્ન આવે એની સાથે વાત ન કરવી.' તો પણ સૂચીમુખ કહે, 'અરે. કાંઈ કામ કાં બોલવો?' આમ કેમે ન બોલતો રહ્યો નહિ, એટલે એક વાંદરાને ભમ ખર્ચ કરતો વેવાથી ક્રોધ ચડ્યો ને પાંખ ઝાલીને તથા પત્થર ઉપર પછાડીને પક્ષીને મારી નાખ્યો.

એટલે કહું છું, 'અનારભ્ય ન નમે કાર્યું.' ઇતિ

(બાકી) રેસાદ વાલજી મોરબિનવાળા

Our Friends Abroad

પત્રમિત્રો મેળવનારા માટે

Pen Friends વચ્ચેથી એક અમેરિકા ગિરફ લખાર પડ્યું છે. તેની ઇચ્છાનો અને ફરજો માટે નીચેને સરનામે લખો:

Nations' League of Pen Friends
539 Kalbadevi Road BOMBAY-2

પરદેશનો પત્ર

અમદાવાદ સી. પરેખ (બારડોલ્પર)પર અમેરિકા દેશની સ્ત્રીનો આ પત્ર તેણે પ્રકટ કરવા મોકલ્યો આપ્યો છે:

રે, પરદેશના મિત્ર! તમારો પત્ર આજે મળ્યો હું બહુ આનંદમાં આવી ગયો હું. ચે નો એ પણ મિત્રોને બંધાવ્યો. એ બધા માનતા હતા કે તમારા દેશમાં અમેરિકાની ભાષા બોલતા જ નથી. અને આ પત્ર વાંચનારને બહુ મોટી કિંમતની ભેટ કોની જેટલી એમ પત્ર ઉપરથી લાગે છે. પરદેશના મિત્રો શોધી રહ્યો હતો અને તમારો સંબંધ થતાં બહુ સુખ પામ્યો હું. મારો પત્ર વાંચને પણ આનંદ-પ્રદ થાય. હું આશા રાખું અને આવી વાત કરું.

હું માત્ર બાર વર્ષનો છું અને આશા રાખું છું કે કરમાંને વાંચવા આપણને ખુશાલી થશે.

મારે આજ મિત્રો આખી દુનિયાને ખૂણે ખાંચરાની બોલાવવાનું ધામ છે. બધાંયે, કાગળ, રેશમ, સોનેટનો સ્વભાવ, મિત્રમંડળ વગેરે અહીંના અને છે. મારે વય મને અહીં મોટો જ નજરે પડે છે. કરેલાં બોલાવું ઘર અને છે. અમેરિકાનું ત્રીજા નંબરનું મોટું શહેર ફિલાડેલ્ફિયા અહીંથી પંદર માઇલ દૂર છે. ત્યાંથી ન્યુયૉર્ક ૧૦૦ માઇલને અંતરે છે. એ તો દુનિયાનું ચલ્લીમાં સૌથી મોટું પહેલા નંબરનું શહેર છે. મારે મિત્ર નંબર પેનસીલ-વેનિયા પ્રાંતમાં આવ્યા છે અને રેલવેને નદી પર આવેલું છે, જે આટલાંટિક મહાસાગરને મળે છે. અહીંની વસ્તી સમશીતોષ્ણ છે, સિવાયો કપાયો બધાં બરફનાં ઢોલ છે. અહીંની વસ્તી ૧૦,૦૦૦ની છે.

અમારા પ્રાંતમાં મિત્રમંડળ બનાવ્યાં બહુ નંબર આવ્યા છે. ચુનાદરિયા રાજ્યનો નકશો તમે જો ચાલે હોય તો સમુદ્ર કાંઠે ન્યુયૉર્ક અને બરાબર નીચે ફીલાડેલ્ફિયા દેખાયે. મિત્રમંડળ તેનો કોલેજમાં છે.

હવે હું કંઈ બીજી વાત કરું. તમે લખ્યું હતું કે ટાંકણ સંબંધનો અને કિરોસાઓ ખાટવાનો તમને શોખ છે. બાસ પણ એ મારે શોખ છે. તમારે ટાંકણનો ધંધો કરવો હોય તો હું વાજબ બજાર કરતાં ઓછા ભાવથી મોકલીશ.

હું કિરોસાઓ કરું છું તે માટે તેનું રેખાચિત્ર પ્રીન્ટીંગ બને કરી લઉં છું. સાથે બીજું ચિત્ર મારી કિરોસાઓનો નમૂનો છે. બધુ બીજા નાના કિરોસાઓ મોકલીશ. તમે તમારા કિરોસાઓ જરૂર મોકલશો. તમે તમારા શહેરની અને પ્રાંતની વાતો લખશો. સલામ. —તેની સ્ત્રી

આ મહિનો (માર્ચ) ઇતિહાસમાં

તા. ૧ સાર પ્રદેશ જર્મનીને પાછો સોંપાયો (૧૯૩૫)

તા. ૨ સિંધમાના રાજ્ય પ્રબંધિયોએ પ્રબંધે પદભ્રષ્ટ કરી તેના બદલે બદીરોદને ગાદી સોંપી (૧૯૩૫)

તા. ૩ ત્રણ મહાયુદ્ધમાં જર્મન સેનાપતિ ફ્રૂલ હિંડનબુર્ગના હાથે પરાજય પામીને મુસ્લિમોએ તર્તાનો રે ઑસ્ટ્રિયાથી સંધિ કરી નાખી (૧૯૧૮)

તા. ૪ મહાત્મા ગાંધીજી તથા હિંદના વાઇસરૉય લૉર્ડ અરવિને (હવે લૉર્ડ હૅલિફૅક્સ) ઐતિહાસિક સંયુક્ત પત્ર પર સંતાક્ષરિસહ સહીઓ કરી (૧૯૩૧)

તા. ૮ આર્મુડસેન દક્ષિણ ધ્રુવ પર પહોંચ્યો (૧૯૧૨)

તા. ૧૨ નાઝીઓએ ઑસ્ટ્રિયા હબજે કર્યું (૧૯૩૮)

તા. ૧૪ ઇસિયાની રાજધાની પેટ્રોમેડથી અસેરી યૉસેફાવમાં ખાતા ને તેનું નામ સેનિનગ્રાટ રાખવામાં આવ્યું (૧૯૧૮)

તા. ૧૫ ઑસ્ટ્રોહંગેરિયાનો કર્ણનિવા પ્રાંત હંગેરીએ લઈ લીધો, સ્લોવાકિયા જર્મનીના સંરક્ષણ નીચે આવ્યું ને બાકીનો ચેક પ્રદેશ જર્મન સામ્રાજ્યમાં કમેરી દેવાયો (૧૯૩૯)

તા. ૧૬ ઈ. ૧૯૬૮ની સાલની ગદ્દાસભાના પ્રમુખ તથા ઇંગ્લિશ પાર્લામેન્ટરી કમિટીના ચેરમૅન સર ચિલિયમ વેડરબર્નનો જન્મ (૧૮૩૮)

તા. ૧૬ આફ્રિકા ખંડના મહાન શોધકસરી ડૅવિડ લિવિંગ્સ્ટનનો જન્મ (૧૮૧૩)

તા. ૨૦ નૉર્વેના પ્રખ્યાત નાટકકાર ઇબ્સેનનો જન્મ (૧૮૨૮) • • ગ્રેટ વેસ્ટર્ન રેલ્વેના નિર્માતા સ્થાપક સર આઇઝેક પેન્ડનનું મેન્ચિસ્ટર મુકામે અવસાન (૧૮૫૩)

તા. ૨૧ ફ્રેડરિકવિલ્યમ ત્રિજીનું અવસાન (૧૮૮૮) • • પર્શિયાએ પોતાનું રાષ્ટ્રીય નામ ઇરાન ધારણ કરી પહેલવી રાજવંશને પણ એ નામ ધારણ કરવાની તાકીદ કરી (૧૯૩૫)

તા. ૨૩ હિંદમાં બીજાપુરના પહેલા તાર નખાયા (૧૮૫૪)

તા. ૨૩ પાંજમી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ રા.બ.હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળાનું તથા પ્રખ્યાત અંગ્રેજ નવલકથાકાર આર્નોલ્ડ બેનેટનું અવસાન (૧૯૩૧)

તા. ૨૩ ઇંગ્લંડ ને હિંદ વચ્ચે વિમાની વ્યવહાર શરૂ થયો (૧૯૨૯)



આ માસની વિભૂતિ
બાબુ મનમોહન ઘોષ

ઈ. ૧૮૪૪માં બેરાકપુરી મુકામે જન્મ, તા. ૧૬મી માર્ચ. એમના પિતા રાજા રામમોહનરાયના નિકટના મિત્ર હોઈ આખું કુટુંબ સુધારક વિચારનું હતું. ઈ. ૧૮૫૬માં કલકત્તાની હાઈસ્કૂલમાં ફ્રીસ્ટની પરીક્ષા પસાર કરી.

ઈ. ૧૮૬૧માં કલકત્તાની પ્રેસીડેન્સી કૉલેજમાં દાખલ થયા. એ અરસામાં બાબુ કિશોરીદાસ પાસે 'હિન્દુ પેટ્રીઅટ' અઠવાડિયું તેમાં નવિન, કે સોરકત્યારિ સ્ત્રી બંગાલીએ અઠવાડિયું ચલાવેલા ચુકમો વિરુદ્ધ કડક લેખો લખ્યા.

ઈ. ૧૮૬૨: બંગાલના ચુકમ સામે પોકાર કરવા 'ઇંડિયન મિરર' નામનું સ્વતંત્ર પાક્ષિક શરૂ કર્યું.


ઈ. ૧૮૬૪: બાબુ સત્યેન્દ્રનાથ ટાગોર સાથે સિવિલ સર્વિસની પરીક્ષા આપવા વિલાયત ગયા. પરીક્ષામાં એમને ખોટી રીતે નાપાસ કરવામાં આવ્યા. પોતાને અન્યાય થયાથી ઘરનું એક પુસ્તક પણ એમણે ઉઘાડ્યું નહિ. પણ ફરી બાર પરીક્ષામાં બેસવાની તક ન મળતાં હાયવોય અસ્વાસ્થ્ય શરૂ કર્યાં અને બૅરિસ્ટર થઈ હિંદ પાછા આવ્યા. હિંદના એ પહેલા બૅરીસ્ટર.

ઈ. ૧૮૬૫: વકીલાત શરૂ કરી ને શરૂઆતથી જ નામાંકિત અને ઉંચા પદવા મેળવી—માસિક દસ હજારથી વીસ હજાર રૂપિયા સુધી તેમણે કરોડો ગરીબો ના પક્ષમાં બેસવા નદિયાના મહારાજાને તેમણે ગાદી કરાવેલી ફાંસીનો કેસ પ્રખ્યાત છે. ત્યારના હાયવોયમાં પણ ગરીબ લોકોને ઘણા અધારના અનેક ફેરફારો એમણે કરાવ્યા હતા.

ઈ. ૧૮૮૫: આ દેશના લોકો પ્રત્યે થતા અન્યાય દૂર કરવા ને ઇંગ્લંડના લોકોને હિંદુસ્તાન સંબંધે સાચી માહિતી આપવા કૉંગ્રેસના જન્મદાતા તેઓ ઇંગ્લંડ ગયા ને ત્યાં ભાષણો કરી હિંદ પ્રત્યે સોહાગ ભેવવાનો અથાક પ્રયાસ આદર્યો.

એમના હિંદ આવ્યા પછી એમનો સાચો ખ્યાલ અત્યારે આપણને ન આવી શકે; પણ બિનીત રીતે જન્મેલી કૉંગ્રેસનાં શરૂઆતનાં વર્ષોમાં તો તેમના વિચારો ને આદર્શો ખૂબ અકલ્પનાં ગણાતાં. કૉંગ્રેસના જન્મમાં પણ તેમની આર્થિક સહાયનો મોટો હિસ્સો છે. એ સમે રાજકારણ પર તેમના જેવો તેજસ્વિ કોઇ ન ગણાતો. કૉંગ્રેસ સિવાય બંગીઓ, વર્તમાનપત્રો અને સામાજિક સુધારાની પ્રવૃત્તિઓમાં પણ એમનો ખૂબ સહયોગ રહેતો. કૉંગ્રેસની બેઠકોમાં એમણે આપેલાં ભાષણ આજ પણ સંમાનિત ગણાય છે.

ઈ. ૧૮૮૫ના સપ્ટેમ્બરની ૨૮મીએ એકાએક એમનું અવસાન થયું. આજે એમના હાથથી આપણે કીકીક અવસ્થા કૂચ કર્યા હતાં એમની પ્રેરકતા ઓછી થતા નથી આવી.



મનુષ્યત્વ

મનુષ્યત્વ

આત્માઓ કરતી, વિશ્વોત્ત વસ્તુનાં સ્વપ્નો સૂતાં માનસે,
પોષતો મનુષ્યાત્મના, વિશ્વ તે સ્નેહોની વેદના,
ગાતો વર્ધિત, કલ્પનોહરતના આશાને આંબતા
વિસ્મારો, મહિમા અમેય મનુને આમંત્રતો સર્વદા,
એ સૌને વિશ્વ રેખાએ અક્ષરરૂપ લિખ્યું,
એજ અનેતનું, માત્ર માનુષાપા ધરી રહે.

—કમલાદ

શ્રી અમૃત્વા આલાદ્ય હતે

મોરબીના એક ભલે ગ્રોહ્મણોથી ભારોની રાપી પ્રદેશી ૧૬ પગલે સ્ટેજ પ્રથમાં દરરોજ સવારમા દીવ્ય રોટલી મરીન લાઇન્સ બાજુ જતા એમને જોનારને ખ્યાલ ન આવે કે એ જ મહાસભાના અર્વેસચિવ શ્રી અમૃત્વા આલાદ્ય હતે હશે. એ રોટીની જુદી જુદી વિશિષ્ટિઓ એમના સૌ મિત્રોને અનેરાનો વિષય કઈ પરંપરા કર્યા બે વિશે એમને કદી દરકાર જોવેલી નથી.

ઇ. સ. ૧૯૦૮માં કુંકરવટમાં રિવંજર જૈન જ્ઞાતિમાં એમનો જન્મ. એ હિસાબે મુંબઈના પ્રધાનમંત્રમાં સૌથી નવોદ્યત એ હતા. ભાનની ૩૬૫ મેસેજ્યોમાંથી મૅન્ચુએટ થયા પછી મુંબાઇની શ્રી. દીસચંદ રૂપાચંદ જન મેટિંગમાં રહી તેમને એલએલ. બી. નો અભ્યાસ કર્યો.

ત્યાંથી વકીલ જ હોલ્કાપુરની રાજારામ કૉલેજમાં તેમને અંગ્રેજીના અધ્યાપક નિમાયા. ત્યાર પછી આર વર્ષ સુધી એન્ચુકેશનલ ઇન્સ્પેક્ટર તરીકે રહ્યા અને ૧૯૨૬થી ૩૦ સુધી કોલ્હાપુરના દિવાનપદ રહ્યા. કોલ્હાપુરનાં મહારાજા સયાજીરાવ, વિખ્યાત તબીબ પ્રોફેસર કીર્તિની દક્ષિણે કોલ્હાપુર સૌથી પહેલે નંબરે આવે છે. ઇ. સ. ૧૯૨૧-૨૬માં તેમને કોલ્હાપુરિયન ઍજ્યુકેશનલ કૉન્ફરન્સના મેમ્બર હતા અને ઇ.સ. ૧૯૨૪માં યુનિવર્સિટીના સુધારા માટે નિમાએલી સમિતિના સભ્ય હતા. ઇ. ૧૯૩૦માં સરકારે એમને દિવાન બહાદુરનો ઇલ્કાબ આપ્યો અને તે પછી રાજકીય પરિવારમાં રહેવા સાથેના સહાધ્યાયી મંડળના સભ્ય તરીકે એ ઘટન થયા હતા.



લેખક તરીકે એમણે ઠીકઠીક હાથ અજમાવ્યો છે. એમનાં પુસ્તકોમાં "Introduction to Jainism" "Problems of Indian States" એમેરિકામાં છે. મરાઠીમાં "હિંદમાં અંગ્રેજ સામ્રાજ્યનો ઉદય," "સાધુ ચરિત્ર ચરિત્ર" અને "વિશ્વની કેટલક પદના" એ છે. 'હરિજન સેવક' પત્રના એ અધિપતિ હતા, સમર્થ મહાત્મા જૈન એસોસીએશન, કર્ણાટક જૈનસાહીન સીરતના ચેરમેન મે-ઑનરેરિ બૅન્ચ તેમણે પ્રયુક્ત પણ હતા.

કેવી સભ્યની નોકરી છોડ્યા પછી એકમાત્રમાં વકીલ તરીકે ઠીકઠીક પ્રતિષ્ઠા જમાવી હતી. કેટલે સભ્યોના પ્રશ્નોમાં એ નિષ્ણાત અભ્યાસ અને પારિવિશિષ્ટ વિચારમિન્ટ સાથેના સમસાજ્યાં રાજ્યોને એમની સલાહ પછી ઊંચી થઈ પડતી.

ઇ. સ. ૧૯૩૧માં જ્યારે દિવાન બહાદુરનો ખિતાબ ઉઠી એમણે મહાસભામાં પ્રવેશ કર્યો ત્યારે બધા મહાસભાવાદીઓ આશ્ચર્યમાં પડી ગયા, કેટલક ખુશ થયા, પણ સૌને એક વાત તો ચોક્કસ કરવી જ પડી કે એમના જેલવાસથી મહાસભાનું ગજ વધ્યું છે. એમને મહાસભામાં લાવવાનો યશ શ્રી ગંગાધરરાવ દેશપાંડેને ઘટે છે.

સૌ પહેલની વાત આંકડાની, તર્કબુદ્ધ દલીલ કરવી, દલીલમાં ચાબી પર સૌચમ સભ્યો અને સ્પષ્ટ નિર્ણય કરી નેવે પહેલી કહેવું એ એમની હંમેશની વિશિષ્ટતા છે.

મુંબાઈના અર્વેસચિવને રોજ અખબાર-૩ અખબારના પ્રશ્નો કોકના પૂછે ને રોજ અખબારો અથવા મારા પાસાનાં રહ્યાં

બન્નેરાને એક કરવાના પ્રશ્નની ચર્ચા કરવી પડે; પેટ્રોલના ભાવના એકસૂત્રનો પ્રશ્ન વિચારવો પડે. એવા નવીન અને અપરિચિત પ્રશ્નોનો એમણે ધીરજથી ન્યાયી ઉકેલ લાવવા પ્રયત્ન કર્યો છે. તેમજ દારૂબંધીની સફળતા મેળવવા માટે જરૂરી નવી આબકારી ડ્યૂટીના અતિ કૂટ પ્રશ્ન પણ ઉકેલ્યા છે. રાષ્ટ્રવર વિદેશના કર વિષેની કાયદાની વારંવાર બાબુઓ રાખતાં પણ સદ્વ્યવસ્થાની દૃષ્ટિએ આવી બધુ ગૌરવ કર જરૂરનો મુકરર છે. એ કર નાબૂદીમાં અને એનો અભાવ તથા અમલ કરવામાં જે દૂરંદેશ એમણે બતાવી તે વિરલ છે. એમનાં ભાષણો સ્પષ્ટ અને મુદ્દાસર છે અને એમાં એમનો અંગ્રેજી ભાષા પરનો કાબૂ જણાઈ આવે છે. ક્યા કર નાબૂદ અને કેમ નાબૂદ એ વિષેની એમની સાથેની ચર્ચામાં ધીરજ અને જ્ઞાન બંને મજેદાર.

પણ એમને મુખ્ય રસ તો ખેતીવાડી, ગ્રામસુધારણા અને સહકારી પ્રવૃત્તિમાં હતો. ઋણગ્રહણનું એમનું મિત્ર એ એમની અપાર મહેનત અને અભ્યાસનું પરિણામ છે અને ઇતિહાસ્તથા રેલવેકર વચ્ચે સમતુલા જળવવામાં પડતા મુશ્કેલીની કોઈ વિશિષ્ટ વિચારસરણી કે ઢબાલૂને એ વશ થયા નથી. પણ એ વિષયમાં તો એમણે આખરે અધૂરાં રહ્યાં.

યુરેસ્ટ ઇમેંદાંડી જૈન ન હોવા છતાં એ ધર્મના અહિંસાની ઝોટ એના તત્ત્વને તે બુદ્ધિપૂર્વક અનુસરે છે. એમની વૃત્તિ હમેશાં નિરભિમાની અને પ્રસન્નવદન વિનાની છે. પણ કોઈ આડીઅવળી વાત કરે અથવા મૂળ મુદ્દો ચુકાવવાનો યત્ન કરે તો તેને પકડીને મોઢાની વાત વરવ જ કહી દેતા અચકાતા નથી.

એમની હાજરજવાબી પણ એવી જ. રાષ્ટ્રસભામાં આપવાના તેમાર રિવસ પહેલાં પ્રધાનોની નવી મોટરોના અર્થે ધારાસભામાં મંજૂરી માટે આવ્યા ત્યારે શ્રી ગાલવાગાએ સૂચના કરી કે પ્રધાનો સાદગી રાખે તો સર્વ સર્વ. ત્યારે શ્રી લ્હેઁ જવાબ દીધો કે અમારા પછી આવનારા મિત્રો આ સૂચના ધ્યાનમાં લેશે એમ હું આશા રાખું છું' અને આખી સભા હસી પડી.

આજે તો એ ધારાસભામાં પોતાના પંથમાં પાછા ગોઠવાઈ ગયા છે; પણ જરૂર એમ કહી શકાય કે ધારાસભામાં, મહાસભા પક્ષના સભ્યોમાં અને મુંબઈમાં જેને જેને એમનો પરિચય થયો છે તે સૌમાં એ પ્રામાણિકતા, ઔચિત્ય અને સદ્વ્યવસ્થાની છાપ મૂકતા ગયા છે.

(પ્રબુદ્ધ જૈન) —શાંતિલાલ શાહ

'અમારો દેશ સિયામ'

આજે અમારા દેશ વિષે અનેક પ્રકારના સમાચાર વાંચવામાં આવે છે, પણ એ બધા નાપાયાદાર છે. સિયામ જાપાનનું તરફેણદાર નથી કે બીજે કોઈ રાષ્ટ્રોનું વિરોધી નથી. યુરોપની બાબતમાં એનું વલણ સ્વિટ્ઝર્લંડ જેવું છે એનું જ વલણ એશિયાની બાબતમાં જાળવવાનો અમારા દેશે નિર્ણય કર્યો છે.

ચીનના ઈશાન ખૂણામાંથી ઊતરી આવેલી વાંઈ જાતિ કોણ નિર્માંકિતા અમારા દેશનું સ્થાતંત્ર્ય આજ સૈકા થૂનું છે. બારસો વરસ સુધી તો સિયામ દિલ્લી ચીનના દીપકલ્પનું પણ પ્રભુત્વ ધરાવી રહેતું; પરંતુ અઢારમી સદીના અંતરાર્ધથી ત્યાં કટાઈ ગેડી. નજીકના જ હરીફ બરમાએ તેને દબાવી તેની પ્રાચીન રાજધાની ૧૭૬૭માં દાબ કરી લીધી અને સિયામ બરમાનું માંડલિક બની ગયું કે શું એવી સ્થિતિ લાવવા માગી. પરંતુ ત્યાં તો વાંઈ (જેને અર્થે 'સ્વતંત્ર' પણ થાય છે) આત્મા જેવી ઊઠવા ને ઝઝીઓને હાંકી કાઢી સિયામ ફરી સ્વતંત્ર થયું.

થોડા વર્ષોના અંતર પછી પ્રજાએ રોનાપતિ પદવી ધારણ કરીને પોતાની પસંદગીથી રાજ્યગાદી સોંપી, જેનો આઠમો વંશજ આજે સિયામની ગાદી પર છે. ગ્રેટ બ્રિટનની કુટિલ નીતિનું ભોગ બનેલા બન્યું ત્યારે જે સિયામ પોતાની જાતને કુનેહપૂર્વક બચાવી શકયું. ફ્રાંસ, હૉલેન્ડ, અન્યાન્ય દેશોનો ફાંસ થવા છતાં એણે સ્વાતંત્ર્ય બચાવી રાખ્યું. જોકે ૧૮૬૬ તથા ૧૯૦૬માં ફ્રાન્સે તેના પશ્ચિમ મુલક પડાવી લીધા ને ૧૯૦૪માં બ્રિટને દક્ષિણ દ્વીપકલ્પમાંનાં ત્રણ સમૃદ્ધ સલ્તનો કબજે કરવાનું આધિપત્ય પોતા હસ્તકના બદલામાં ત્રિટનની તરફેણમાં એને જતું કરવું પડ્યું, છતાં જેટલું ગયું એટલું તો આજે સંપૂર્ણ સ્વાતંત્ર્ય ભોગવે છે. ઈ. સ. ૧૯૩૨માં સિયામે નિરંકુશ રાજતંત્રને સ્થાને રાજા સાથેની બંધારણીય સરકાર અપનાવી, અને તે પછી ૧૯૩૮માં એણે પરદેશો સાથેના બધા જૂના મૈત્રીકરારો રદ કરીને જે નવી નીતિ અખત્યાર કરી તે પર પહેલી સહી બ્રિટને કરેલી અને બધાનેતા સૌથી છેલ્લી: એટલે જાપાનની કોરચાબંધી આ નીતિ અખત્યાર કરવાની વાત વસ્તુ વિનાની ઠરે છે.

અમારા સ્વીકારમાં પાશ્ચાત્ય જાપાનનો હાથ રહ્યો છે એ વાત પણ બેહદી જ નાપાયાદાર છે. સારાં અને સસ્તાં દવિયારો અમને બ્રિટન પાસેથી મળે એવાંથી અરીકામે ઊભે. જે કે અમે પોતે જે ઉત્પાદન આપવું છે, છતાં મોટો ભાર પરદેશોથી આયાત કરવો પડે છે. દારૂ, જાપાન અને બ્રિટન પાસેથી સહાયક નૌકાઓ, સ્વીડન પાસેથી આરે તોપો, અમેરિકા પાસેથી મશીનરીનો ને વિમાનો તથા બ્રિટન પાસેથી રેલ અમે અરીકામે ઊભે. અમારું ૨૫૦૦૦નું તૈયાર સરકાર છે અત્યારે જરૂર પડે તો ૧૦ લાખનું 'ફીલ્ડ' છે. અમારા બંદર, નૌકાદળ કે દારૂ દળમાં એકે વિદેશી અફસર નથી. બ્રિટિશ સલાહકારોનું અસ્તિત્વ નહીં કલ્પના જ છે.

અમારા દેશનું ક્ષેત્રફળ બે લાખ ચોરસ માઈલ અથવા ફ્રાન્સથી સહેજ ઓછું છે. વસ્તીગણના ૧,૪૦,૦૦,૦૦૦ છે. વસ્તીનો મોટો ભાગ ખેડૂતોનો છે. વેપારધંધા મોટે ભાગે

ખાનગિસ્તા અને ઓન પરદેશીઓના વાહનમાં છે. સ્વતંત્રવિહાર રીતે જ અમારી મરજી મુજબ એ પંચાયેલ સિવાયનાં વાહનમાં મુસાફરી કરવાની યોજના કરે છે, અને અમારા એ દુરસ્તી વખતે પરદેશવિરોધી કહીને આપે નિરોધ નિર્દે છે.

